પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૪/૦૯/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ ભાદરવા સુદ-૧૨ વર્ષ : ૧૬ અંક : ૨૨૪


**સુવિચાર**

''નદીના પાણી નીચે જેમ રેત હોય છે, એમ માની આંખના પાણી નીચે હેત હોય છે.''


:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

SINCE 1999
હરિ ૐ PENDAWALA
ગણેશ ચતુર્થી નિમિતે...
ચોકલેટ મોદક / માવા મોદક
ડ્રાયફ્રુટ મોદક
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

હવે... બદલાશે સારવારની પરીભાષા
કિડની તથા પેશાબ સંબંધિત
રોગોનાં નિષ્ણાંત ડોકટર દ્વારા ખાસ ઓપીડી
આપણા શહેર અમરેલીમાં
તારીખ : ૦૫/૦૯/૨૦૨૫
નિયમિત દર મહિનાના પહેલા શુક્રવારે ઓપીડી
વધુ માહિતી માટે 97146 63537
સમય : સવારે ૧૧:૩૦ થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી
ડો. રોનક ભાલોડિયા
MBBS, MD (Medicine)
DrNB (Nephrology)
કન્સલટન્ટ, નેફ્રોલોજી
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.
નામ લખવા માટે સંપર્ક કરો : 99045 93355 ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬


## શિક્ષણનું ખાનગીકરણ-વ્યાપારીકરણ કરીને સરકારી-ગ્રાન્ટેડ શાળા-કોલેજનું માળખુ તોડીને

# ભાજપ સરકાર શિક્ષણનો અધિકાર છીનવી રહ્યાનો આક્ષેપ

**ફિકસ પે, આઉટ સોર્સિંગ અને કોન્ટ્રાકટ પ્રથા નાબુદ કરી 'સમાન કામ સમાન વેતન'ની નીતિ લાગુ કરો**

**પ્રવેશ, પરીક્ષા, પરિણામ અને પદવી જેવી મુખ્ય કામગીરીમાં વિલંબ, વિવાદ અને વિસંગતતાઓની ભરમાર**

**કોંગ્રેસ પક્ષે શિક્ષણ હિતને ધ્યાને રાખીને 'શિક્ષણ બચાવો અભિયાન' વેગવંતુ કર્યુ**

**શાળા-કોલેજોને બેફામ શિક્ષણ ફી ઉઘરાવવાનાં લાયસન્સ આપવામાં આવી રહ્યાનો કોંગી પ્રવકતા ડો. દોશીનો આક્ષેપ**

અમદાવાદ, તા. ૩

રાજયમાં એક તરફ શિક્ષણનું સ્તર સતત કથળી રહ્યું છે ત્યારે ભાજપ સરકારની દિશાવિહીન શિક્ષણ નીતિ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવકતા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં સરકારી અને ગ્રાન્ટેડ શાળા-કોલેજો અને યુનિવર્સિટીનાં માળખાને તોડી નાખવાનું પાપ ભાજપ સરકાર સતત કરી રહી છે. બીજી તરફ ખાનગી શાળા-કોલેજો અને યુનિવર્સિટીને બેફામ ફી ઉઘરાવવાના લાયસન્સ આપવામાં આવી રહ્યાં છે. શાળા-કોલેજોમાં રમતગમતના મેદાન નથી સાથોસાથ છેલ્લા ૧૫ વર્ષથી શારીરિક શિક્ષણનાં અધ્યાપકો અને શિક્ષકોની ભરતી કરવામાં આવી નથી ત્યારે કેવી રીતે 'રમશે ગુજરાત' ?. શાળા-કોલેજોમાં લાયબ્રેરિયનની ૧૫ વર્ષથી ભરતી કરવામાં આવી નથી ત્યારે કેવી રીતે 'વાંચે ગુજરાત' ? ગુજરાતમાં ધો. ૧ થી ૫માં ૪૫.૬૭ લાખ વિદ્યાર્થીઓ જે સતત ઘટીને માધ્યમિકમાં ૧૭.૧૭ લાખ અને ઉચ્ચ માધ્યમિકમાં ૧૦.૮૬ લાખ જેટલા થઈ ગયા છે. ૪૨૦૦૦ કરતા વધુ ઓરડાઓની ઘટ, ૪૦૦૦૦થી વધુ શિક્ષકોની જગ્યાઓ લાંબા સમયથી ખાલી જગ્યાઓ છે. ૨૯૩૬ શાળાઓ માત્ર એક શિક્ષકથી ચાલેછે. ૧૪૫૬૨ શાળાઓમાં એક કરતા વધુ ધોરણના વિદ્યાર્થીઓને એક વર્ગખંડમાં અભ્યાસ કરવાની ફરજ પડી રહી છે. ૫૬૧૨ શાળાઓને તાળા મારવાનું પાપ ભાજપ સરકાર કરી રહી છે. ૭૦૦૦ જેટલી શાળાઓમાં રમતગમતનું મેદાન નથી. ભાજપ સરકાર શિક્ષણ પાછળ થતા ખર્ચને બિન ઉત્પાદકીય ખર્ચ ગણે છે. હકીકતમાં શિક્ષણ પાછળનો ખર્ચ રાજય અને રાષ્ટ્ર નિર્માણ માટેનું રોકાણ છે. સરકારી આર્ટસ, કોમર્સ, સાયન્સ કોલેજો, ઈજનેરી કોલેજો, યુનિવર્સિટીઓનાં ભવનોમાં ૪૫ ટકાથી ૬૫ ટકા અધ્યાપકોની જગ્યા લાંબા સમયથી ખાલી છે ત્યારે કેવી રીતે 'ભણશે ગુજરાત' ? કોંગ્રેસ

અનુસંધાન પાના ૬ ઉપર

### ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર સતત જોખમ

# બાબરામાં ૨ બાઈક વચ્ચે અકસ્માતમાં ચેમ્બર પ્રમુખ અને પૂર્વ મામલતદારને ઈજા

**સદ્દનસીબે સામાન્ય ઈજાઓ જોવા મળી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૩


બાબરામાં આજે બપોરના સમયે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મુનાભાઈ મલકાણ અને પૂર્વ મામલતદાર પી.સી. ચિત્રોડા અહીં રાજકોટ રોડ પર આવેલ કોર્ટમાં કામ સબબ આવેલ અને ત્યાંથી કામ પતાવી શહેર તરફ આવી રહેલ હતા ત્યાં રાજકોટ તરફથી પુરપાટ ઝડપે આવેલ બાઈક સવારે જોરદાર હડફેટે લેતા એકિટવા સવાર ચેમ્બરના પ્રમુખ અને પૂર્વ મામલતદાર રોડ પર પટકાય ગયા અને અને તે બાઈક સવાર પણ રોડ પર પડી જતા ત્રણ વ્યકિતને ઈજાઓ થતા રોડ પરથી પસાર થતા અન્ય ખાનગી વાહન ચાલક દ્વારા તાત્કાલીક અસરથી અહીં સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા જયાં ફરજ પરના તબીબે સારવાર કરી પૂર્વ મામલતદારને રાજકોટ અને અન્ય બાઈક સવારને અમરેલી રીફર કરેલ છે.

આ બાબતે ચેમ્બરના પ્રમુખ મુનાભાઈ મલકાણ દ્વારા જણાવ્યું હતું કે અકસ્માતમાં બહુ મોટી ઈજાઓ થઈ ન હોવાથી અને વ્યકિત સામાન્ય માણસ હોવાથી ફરિયાદ કરવાનું ટાળ્યું છે.

### ફીશરીઝ વિભાગે માચ્છીમારોને તેની નજીક ન જવા જણાવ્યું

# જાફરાબાદ નજીક આવેલ દરિયામાં એક અજાણ્યુ કન્ટેઈનર પાણીમાં તરતુ જોવા મળતાં તપાસ શરૂ

**તરતા કન્ટેઈનરને મોબાઈલમાં કેદ કરીને માચ્છીમારે જાગૃત્તિ ઉભી કરી**



અમરેલી, તા. ૩

જાફરાબાદ નજીક આવેલ મધ્ય દરિયામાં આજે એક અજાણ્યું કન્ટેનર પાણીમાં તરતું જોવા મળતા ચકચાર મચી જવા પામી છે. આ દરિયામાં તરતુ કન્ટેનરને માચ્છીમાર બોટે મોબાઈલના કેમેરામાં કેદ કરી અને કોસ્ટગાર્ડ તથા ફિશરીઝ અધિકારીને જાણ કરવામાં આવતાં આ કન્ટેનર અંગે તપાસ શરૂ કરવામાં આવેલ છે. સાથોસાથ ફીશરીઝ ડીપાર્ટમેન્ટે એવી પણ ચેતવણી આપી છે કે, કોઈ અનઈચ્છનીય બનાવ ન બને તે અન્વયે તકેદારીના ભાગરૂપે આ પોઝીશન નંબર ઉપર કોઈ માચ્છીમારોએ માચ્છીમારી કરવી નહી કે કંટેનર નજીક જવુ નહી. આ કન્ટેનર કયાંથી તણાઈને આવ્યું તે અંગે તપાસનો વિષય હોય જેને લઈ

અનુસંધાન પાના ૬ ઉપર


નારી હોસ્પિટલ
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com
હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000 - 7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસ્કીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000 - 7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં

લેડીઝ જોઈએ છે
રિસેપ્સનિસ્ટ-1
(કોમ્પ્યુટરના જાણકાર)
: રૂબરૂ મળવાનો સમય :
સવારે : ૯:૩૦ થી ૧૧:૦૦, સાંજે ૫:૩૦ થી ૭:૦૦
ૐ ફેમિલી ડેન્ટલ કેર
પહેલો માળ, સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી. Mo.70168 37137

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ન ભૂતો.... ન ભવિષ્યતિ...
ટુ વ્હીલર બેટરી ધમાકા ઓફર
મોન્સુન ધમાકા ઓફર
ટુ વ્હીલર વાહન માલિકો માટે આનંદના ખબર
દરેક ટુ વ્હીલર સેલ્ફ સ્ટાર્ટ વાહનો માટેની બેટરી
Lucas
4 LB માત્ર રૂા.૮૦૦/- માત્ર
5 LB માત્ર રૂા.૧૦૦૦/- માત્ર
PD POWER
4 LB માત્ર રૂા.૭૦૦/- માત્ર
5 LB માત્ર રૂા.૯૦૦/- માત્ર
નોંધ : આ ભાવ માત્ર જુની બેટરી પરત કરવાના છે.
દરેક ટુ વ્હીલરની બેટરી હાજર સ્ટોકમાં મળશે.
આ સાથે ૪૮ મહિનાની વોરંટી તો ખરીજ..
અમરેલી જિલ્લાના ડિસ્ટ્રીબ્યુટર
94269 38161 (Since 1995) 76986 55398
જય શ્રી ચામુંડા બેટરી હાઉસ
મેઈન બ્રાંચ: રેલ્વે સ્ટેશન રોડ, ગોપી ટોકીઝની બાજુમાં, અમરેલી
બ્રાંચ: લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી

Sheetal ICE CREAM
જોઈએ છે
ડ્રાઈવર
(હેવી લાઈસન્સ હોવુ જરૂરી)
અનુભવી અને ઈમાનદાર વ્યક્તિ એ નીચે મુજબના સરનામે ઓરીજનલ હેવી લાઈસન્સ અને આધાર કાર્ડ સાથે માત્ર રૂબરૂ મળવું.
રૂબરૂ મળવાનો સમય : સવારે 9 થી 11
સંપર્ક : જીતેન્દ્રભાઈ HR મેનેજર
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. 75 થી 81,GIDC એસ્ટેટ,અમરેલી- 365601.

## રાજકીય કિન્નાખોરી કે અન્ય કારણોસર અન્યાય કર્યાની ચર્ચાઓ

# અમરેલી જિલ્લામાં કૃષિ રાહત પેકેજમાં અનેક ગામોની બાદબાકી


**ભાજપનાં ગઢ ગણાતાં જિલ્લામાં ભાજપમાં ચાલતી જુથબંધીનો ભોગ નિર્દોષ ખેડૂતો બની ગયા**

**જિલ્લાનાં ૫૦ ટકા જેટલા ગામોની બાદબાકી થતાં ગામડે-ગામડેથી રજૂઆત શરૂ**

**સત્તા પક્ષનાં પૂર્વ સાંસદ, જિલ્લા પ્રમુખ સહિતનાં આગેવાનો પણ રાહત પેકેજથી નારાજ**

**વિપક્ષી કોંગ્રેસ નેતાઓએ પણ કૃષિ રાહત પેકેજમાં અન્યાય થયો હોવાનું જણાવ્યું**










અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં ગત વર્ષ ઓકટોબરમાં અતિવૃષ્ટિ થતાં જિલ્લાનાં ખેતીપાકોને વ્યાપક નુકસાની આવી હતી. જે અંગેનું સર્વે થયા બાદ ૨ દિવસ પહેલા રાજય સરકારે કૃષિ રાહત પેકેજની જાહેરાત કરતાં જિલ્લાનાં ૫૦ ટકા ગામોની બાદબાકી થતાં રાહત પેકેજથી વંચિત ખેડૂતોમાં નારાજગી ઉભી થતાં વિપક્ષી નેતાઓની સાથે સત્તા પક્ષનાં આગેવાનોએ પણ કૃષિ રાહત પેકેજમાં તમામ ગામોનો સમાવેશ કરવા માંગ કરવાની ફરજ પડી છે.

જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી, પૂર્વ સાંસદ નારણ કાછડીયા, ભાજપ અગ્રણી અશ્વિન સાવલિયા, મનિષ સંઘાણી, લાઠીનાં ધારાસભ્ય જનક તળાવીયા, જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાત તેમજ કોંગી અગ્રણી ટીકુભાઈ વરૂ, પ્રતાપ દુધાતે પણ કૃષિ રાહત પેકેજમાં તમામ ગામોનો સમાવેશ કરવાની માંગ કરી છે.

પૂર્વ સાંસદ કાછડીયાએ મુખ્યમંત્રીને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, ગત વર્ષે ગુજરાત રાજયમાં પડેલ કમોસમી વરસાદનાં લીધે ખેડૂતોનાં પાકને થયેલ નુકસાન સંદર્ભે રાજય સરકાર તરફથી ખેડૂતોનાં હિતમાં કૃષિ રાહત પેકેજ–૨૦૨૪ (કપાસ)ની જાહેરાત કરવામાં આવી છે જે બદલ હું આપનો અને સરકારનો સહૃદય આભાર વ્યકત કરૂ છું.

કૃષિ રાહત પેકેજમાં સમાવિષ્ટ અમરેલી જિલ્લાનાં ગામો વિશે વાત કરૂ તો પેકેજમાં પહેલા જિલ્લાનાં ૧૯૮ ગામોનો સમાવેશ થયેલ હતો અને ત્યારબાદ વધુ ૧૦૩ ગામો એમ કુલ ૩૦૧ ગામોનો સમાવેશ સરકાર ધ્વારા કરવામાં આવેલ છે. જે અંગે અમરેલી જિલ્લાનાં જે ગામોના ખેડૂતોને ખરેખર નુકસાન થયેલ છે તે ગામોનો સમાવેશ પેકેજમાં થયેલ નથી તેમજ ઘણા તાલુકામાં એવું પણ બન્યું છે કે બંને બાજુએ આવેલ ગામોનો પેકેજમાં સમાવેશ થયેલ છે જયારે આ ગામોની વચ્ચે આવેલ ગામનો પેકેજમાં સમાવેશ થયેલ નથી જે ટેકનીકલ અને પ્રેક્ટીકલ દ્રષ્ટિએ શકય નથી. છતાં આવા બાકી રહી ગયેલ ગામોના ખેડૂતોની રજૂઆતો અમારી સમક્ષ આવેલ છે જે બાબતે અમોને જિલ્લા વહીવટી તંત્રનું ટેલીફોનીક ધ્યાન દોરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, આવી વિસંગતતાઓના લીધે તેમજ ખરેખર નુકસાન થયેલ ગામો રાહત પેકેજમાં બાકી રહી જવાના લીધે ખેડૂતોમાં વ્યાપક પ્રમાણમાં નારાજગી જોવા મળી રહી છે તેમજ આ પેકેજની જાહેરાતમાં વ્હાલા–દવલાની નીતિ અપનાવી હોવાનું પણ ખેડૂતોના મુખે ચર્ચાઈ રહ્યું છે.

અંતમાં જણાવેલ છે કે, કૃષિ રાહત પેકેજ–૨૦૨૪માં અમરેલી જિલ્લાનાં બાકી રહેતા તમામ ગામોનો સમાવેશ થાય તે માટે સત્વરે યોગ્ય કાર્યવાહી કરવા જણાવેલ છે.

---

### લાઠી–લીલીયા–સાવરકુંડલામાં સાવ ઓછો ભાવ

## લ્યો બોલો : અમરેલી જિલ્લામાં પીવીસી ગટર લાઈન લગાવવાનાં જુદા-જુદા ભાવો જોવા મળે

**જિલ્લા પંચાયત સદસ્ય વિપુલ દુધાતની રજુઆત**

અમરેલી, તા. ૩

લાઠી લીલીયા સાવરકુંડલા તાલુકાના ગામડાઓમાં ગ્રામ પંચાયતો દ્વારા સરકારની અલગ અલગ ગ્રાન્ટમાંથી પીવીસી ગટર લાઈનના કામો નિયમોનુસાર કરવામાં આવે છે પરંતુ અમરેલી જિલ્લાના અન્ય તાલુકામાં તાલુકા પંચાયત બાંધકામ શાખા દ્વારા ગ્રામ પંચાયતને ૧ મીટરના કામ માટે અંદાજીત રૂા. ૯૧૧/– ચુકવવામાં આવે છે. જયારે લાઠી–લીલીયા–સાવરકુંડલા તાલુકા



પંચાયત બાંધકામ શાખા દ્વારા ગ્રામ પંચાયતને ૧ મીટરના કામ માટે રૂા. ૭૦૨/– ચુકવવામાં આવે છે. જેથી એક જ કામ માટે ભાવની વિસંગતતા થતી હોય અને લાઠી–લીલીયા–સાવરકુંડલા તાલુકાની ગ્રામ પંચાયતોને ઓછા ભાવને કારણે નુકસાન થતુ હોય જેથી લાઠી–લીલીયા–સાવરકુંડલા તાલુકા પંચાયતોના હિતમાં અમરેલી જિલ્લા ગ્રામ પંચાયતોને પીવીસી ગટર લાઈનના કામો માટે ૧ મીટરના કામ માટે રૂા. ૯૧૧/– ચુકવવા જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતે સાસંદ સુતરીયાને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

---

## દામનગર : વીજચોરી ડામવામાં પીજીવીસીએલ વિભાગ નિષ્ફળ

દામનગર, તા. ૩

દામનગર શહેરમાં મોટા પ્રમાણમાં થતી વીજ ચોરી ડામવામાં પીજીવીસીએલ સબ ડિવિઝન તંત્ર નિષ્ફળ પાલિકાની જનરલ સભામાં ચૂંટાયેલા સદસ્યની લેખિત રજુઆત બાદ પણ વીજ ચોરી મુદ્દે પાલિકા અને પીજીવીસીએલ તંત્ર તેરી ભી ચૂપ મેરી ભી ચૂપ સામાન્ય ઘર વપરાશ કરતા વીજ ગ્રાહકોને વિના કારણે વીજ ચોરીના ભારણનો ભોગ બનાવવા કેટલા વ્યાજબી ? જે ફીડરમાં જેટલા વોર્સ પાવરની ચોરી થતી હોય તેના ભોગ બનતા નિર્દોષ શહેરીજનોને આવી યાતનામાંથી મુકિત મળશે ખરી ? પીજીવીસીએલ અને પાલિકા તંત્રએ સંકલન કરી કાયમી નિરંતર થતી વીજ ચોરી બંધ કરવા આળસ ખખેરવી જોઈએ અનેક ગરીબ પરિવારોને ફ્રીજ એસી પાણીની મોટરો જેવી સુવિધા ન હોવા છતાં મસ મોટા વીજ બીલો આવતા ભારે દેકારો મચી રહ્યો છે શહેરમાં અનેક જગ્યાએ મોટા પ્રમાણમાં ૨૪ કલાક ગેરકાયદેસર વીજ જોડાણો કરી મોટા પ્રમાણમાં થતી વીજ ચોરી બંધ કરાવવી જોઈ અનેક જગ્યાએ વીજ પેટી કે કેબલ નાખી કાયમી ચેકિંગ સ્કોડ ટિમ ઉભી કરી ગેરકાયદેસર વીજ ચોરી ડામવા તંત્રએ આળસ ખખેરવી જરૂરી પાલિકા તંત્રએ વ્હાલા થવાની લ્હાયમાં બિન જરૂરી જગ્યાએ ઝાકમઝોળ બંધ કરી કરકસર કરવાના જયાં ત્યાં પ્રજાના પૌસાથી લાઈટો બમણી કરી દીધી છે શહેરી વિસ્તાર વધ્યા વગર સ્ટ્રીટ લાઈટોમાં બમણો વધારો કોના લાભમાં કરાયો ?


**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


---

### ''દેવાઓ દેવા ગણપતિ દેવા''નાં નાદ સાથે

## અમરેલીનાં સરદાર ચોકમાં આવેલ રામેશ્વર મંદિરે ગણેશોત્સવનુ આયોજન

**દરરોજ રાજકીય, સામાજિક આગેવાનો દ્વારા ગણેશ વંદના**



અમરેલી, તા. ૩

અમરેલીમાંચકકરગઢરોડ, સરદાર ચોકમાં આવેલ રામેશ્વર મંદિર પાસે રામેશ્વર ધુન મંડળ દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન કરાયું.

ગણેશમહોત્સવ દરમ્યાન દર દિવસ સુધી વિવિધ રાજકિય સામાજીક, વેપારી અગ્રણીઓ તેમજ આજુબાજુના રહેવાશીઓ દ્વારા સવાર–સાંજ ગણેશ આરતીઓ સૌ કોઈ નાના–મોટા દર્શનાર્થીઓએ લાભ લઈને રોજ સાંજે રામેશ્વર ધુન મંડળ દ્વારા સત્સંગ–કીર્તન તેમજ ધાર્મિક કાર્યક્રમોમાં ઉત્સાહ ઉમંગથી ભાગ લે છે.

આ ગણેશ મહોત્સવમાં અશ્વિનભાઈ વાઢેર, મિતેષ શિંગાળા, ભાવેશ શિંગાળા, નનુભાઈ તળાવીયા, નિતેષ કાબરીયા, અજય શિંગાળા, દિશાંત ગોંડલીયા, પ્રવિણ જાદવ, માનવ ગોંડલીયા, દર્શન વાઢેર, શુભમ ચૌહાણ, મનિણ કણજારીયા, રવિ વસાવડા, રૂદ્ર ચૌહાણ, પ્રેમ કણજારીયા, હિરેન ચૌહાણ, ભરત ચૌહાણ દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવેલ છે.

---

### ધારાસભ્ય જનક તળાવીયાની રજુઆતથી

## લાઠી : ઠાંસા–મુળીયાપાટ–સુવાગઢ માર્ગ ઉપર રૂપિયા ૩ કરોડનાં ખર્ચે પુલ બનશે

**અનેક ગામોનાં વાહનચાલકોમાં ખૂશીનો માહોલ**

અમરેલી, તા. ૩

લાઠી–દામનગર અને બાબરાના ધારાસભ્ય જનક તળાવિયાએ પોતાના મતવિસ્તારમાં વિકાસ કાર્યોને વેગ આપવા માટે એક વધુ મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે લાઠીના ઠાંસા, મુળીયાપાટ અને સુવાગઢને જોડતા માર્ગ પર નવો પુલ બનાવવા માટે રૂ. ૩ કરોડ મંજૂર કરાવ્યા છે. આ નિર્ણયથી આસપાસના ગ્રામજનોમાં ખુશીનો માહોલ છે અને તેઓએ ધારાસભ્ય અને ગુજરાત સરકારનો આભાર વ્યકત કર્યો છે.

ધારાસભ્ય તેમના મતવિસ્તારના લોકોની સુખાકારી માટે સતત પ્રયત્નશીલ રહે છે. તેઓએ તાલુકાના તમામ ગામડાઓમાં પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા માટે સકારાત્મક પ્રયાસો કર્યા છે. તેમના પ્રયાસોથી રોડ–રસ્તા, શાળાઓ અને આરોગ્ય કેન્દ્રો વધુ આધુનિક બન્યા છે.

આ નવા પુલના નિર્માણથી ઠાંસા, મુળીયાપાટ અને સુવાગઢ સહિત આસપાસના ગામડાઓના લોકોને અવરજવરમાં મોટી રાહત મળશે. ચોમાસા દરમિયાન આ માર્ગ પર પાણી ભરાવાને કારણે લોકોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો, જે હવે દૂર થશે.

---

# સાવરકુંડલાનાં શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં નવી સુવિધા માટે બિલ્ડીંગનું નિર્માણ શરૂ






સાવરકુંડલા શહેરમાં આરોગ્ય ક્ષેત્રે એક અનોખી ઓળખ પ્રસ્થાપિત કરી છે એવા શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે બસ હવે ટૂંક સમયમાં વિવિધ વિભાગો સાથે એક અદ્યતન સુવિધા સાથેનું એક કોર્પોરેટ હાઉસને ટક્કર મારે તેવું છ માળનું વિશ્વાસ નામ ધરાવતું બિલ્ડીંગ તૈયાર થવા જઈરહ્યું છે. ત્યારે આ ૬૫૦૦૦ સ્કવેર ફૂટમાં બની રહેલી આ ઈમારતનું બાંધકામ કાર્ય ૨૦ ઓગષ્ટથી મનસુખભાઈ ડોબરીયા આવકાર કન્સ્ટ્રકશન સુરત દ્વારા યુધ્ધના ધોરણે ખૂબ જ ઉચ્ચ કવોલિટી સાથે ગુણવત્તા સભર કામ બાંધકામના તમામ પેરામીટર્સને ફોલો કરીને કરવામાં આવી રહ્યું છે. આમ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં હાલ એક મોટું બિલ્ડીંગ કાર્યરત તો છે જ પરંતુ હજુ પણ દર્દીઓની આવશ્યકતાને લઈને ન્યૂરોલોજી, હૃદયને લગતી બિમારી તેમજ અન્ય ખૂંટતા વિભાગો ચાલુ કરવાના હોય જગ્યાએ ટૂંકી પડે છે. અહીં સિટીસ્કેન અને એમઆરઆઈ જેવી અદ્યતન દર્દ પરીક્ષણ માટેની સુવિધા પણ સાવરકુંડલા તેમજ આસપાસના દર્દીઓ માટે ઉપલબ્ધ કરાવવાનું એક મધુર સ્વપ્ન આ સંસ્થા ધરાવે છે. તેમ વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સાવરકુંડલાના પ્રમુખ હરેશભાઈ મહેતાએ જણાવ્યું હતું. પૂ. મોરારીબાપુના આશીર્વાદ સાથે આ હોસ્પિટલનું નવું બિલ્ડીંગ અદ્યતન સુવિધા સાથે માર્ચ ૨૦૨૭માં લોકાર્પણ કરવાની નેમ ધરાવે છે. આ હોસ્પિટલના વિકાસ માટે પૂ. મોરારીબાપુના આશીર્વાદ સાથે આ હોસ્પિટલના પ્રમુખ હરેશભાઈ મહેતા, મંત્રી દિવ્યકાંતભાઈ સૂચક, સહમંત્રી ભરતભાઈ જોષી સમેત તમામ ટ્રસ્ટીગણ આ સંસ્થાની અવિરત પ્રગતિ માટે સતત પ્રયત્નશીલ રહે છે. અને ખાસ વાત તો આપને જણાવી દઈએ કે કરોડોનું સામ્રાજય ધરાવતાં પોતાના ધીકતાં વ્યવસાયમાંથી પણ આ હોસ્પિટલના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેતાં હરેશભાઈ મહેતા આરોગ્ય સેવાને એક નવો આયામ આપવા સતત મંથન મનોમંથન, ચિંતન અને મનન કરીને સાવરકુંડલાને અવ્વલ દરજ્જાની આરોગ્ય સેવા અને એ પણ સંપૂર્ણ નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવા માટે સતત પ્રયત્નશીલ રહે છે અને મુંબઈથી આ સંદર્ભે આ સંસ્થામાં નિયમિત રીતે પધારીને તેમની સાથે ખભે ખભો મિલાવીને આ સંસ્થાના મંત્રી દિવ્યકાંતભાઈ સૂચક પણ છેક મુંબઈથી આ સંસ્થાના માર્ગદર્શન માટે નિયમિત રીતે સાવરકુંડલા પધારે છે. આ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડો. પ્રકાશ કટારીયા સમેત તમામ આરોગ્ય કર્મચારીઓ પણ દર્દીઓની સારવાર અર્થે કોઈ ઉણપ ન રહે તે માટે સતત પ્રતિબદ્ધતા દાખવી રહ્યા છે. આ સંસ્થા શ્રી લલ્લુભાઈ શેઠની ગાંધીવાદી વિચારધારા સાથે સાવરકુંડલા તેમજ આસપાસના દર્દીઓની સસ્મિત માનવ સેવાને લક્ષમાં રાખીને દર્દીઓને નારાયણનું સ્વરૂપ સમજીને તમામ પ્રકારની આરોગ્યલક્ષી સેવાઓ નિઃશુલ્ક પ્રદાન કરે છે. આ સંસ્થામાં કોઈ કેશ કાઉન્ટર નથી. અહીં પ્રવેશતાં તમામ દર્દીઓને તમામ પ્રકારની સારવાર જેવી કે લેબોરેટરી ટેસ્ટ, દવા, ઓપરેશન, મેડિકલ તપાસ નિદાન, અરે આ હોસ્પિટલમાં દાખલ થનાર તમામ દર્દીઓને ભોજન સાથે આવેલ વ્યકિતને પણ ભોજન નિઃશુલ્ક પ્રદાન કરવામાં આવી રહ્યું છે. આ હોસ્પિટલના વિકાસ માટે દાતાઓનો પણ અઢળક સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે. આ હોસ્પિટલના સેવાકીય પ્રવૃત્તિઓ નિહાળીને અનેક શ્રેષ્ઠીઓએ દાનની સરવાણી વહાવી છે. આપ પણ આ સંસ્થાની મુલાકાત લો અને નજરોનજર નિહાળો અને ખરા અર્થમાં માનવસેવા કોને કહેવાય એનો હૂબહૂ ચિતાર મેળવીને આપ પણ આ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓમાં આપનું આર્થિક યોગદાન આપી શકો છો. ખાસ નોંધપાત્ર બાબત તો એ છે કે હાલ જે ઈમારતનું બાંધકામ ચાલી રહ્યું છે એ પણ આ હોસ્પિટલના દર્દીઓને કોઈ પ્રકારનું ડિસ્ટરબન્સ ન થાય એનો પણ પૂરતો ખ્યાલ રાખવામાં આવી રહ્યો છે. હાલ આ હોસ્પિટલમાં જનરલ મેડિસિન, ઓર્થોપેડિક, ગાયનેકોલોજી, ડેન્ટલ, હોમિયોપેથી, આંખ વિભાગ, યોગ આર્યુવેદિક, પિડિયાટ્રિક, ફીઝીયોથેરાપી મેન્ટલી રિટાર્ડેડ બાળકોની સારવાર વગેરે જેવા વિભાગો હાલ કાર્યરત છે અને આ નવી ઈમારત પૂર્ણ થતાં તેમાં ખૂંટતાં વિભાગો પણ શરૂ થશે. હાલ દરરોજ અંદાજિત બારસોથી વધુ દર્દીઓ આ હોસ્પિટલના નિઃશુલ્ક આરોગ્ય સેવાનો લાભ લે છે.

## સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા આયોજિત

# અમરેલીમાં ''ભવ્ય ગણેશ ઉત્સવ''માં જનમેદની ઉમટી રહી છે

**જિલ્લા કલેકટર, ડીડીઓ સહિત વિવિધ સેવાકીય સંસ્થાઓ દ્વારા આરતી વંદના કરાઈ**

**શહેરનાં હાર્દસમા સીનિયર સિટીઝન પાર્કમાં દરરોજ હજારો ભકતો ગણેશ વંદના કરી ધન્યતા અનુભવે**

**દરરોજ અવનવા સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે**

**સારહિ કલબનાં પ્રમુખ મુકેશ સંઘાણીનાં નેતૃત્વમાં કલબનાં મેમ્બર ભારે જહેમત ઉઠાવી રહ્યા છે**









અમરેલી, તા. ૩

સારહિ યુથ કલબ ઓફ અમરેલીદ્વારા ''ઓપરેશનસિંદુર''થીમ ઉપર ભવ્ય ગણેશ ઉત્સવ ૨૦૨૫નું સિનિયર સિટિઝન પાર્ક અમરેલી ખાતે આયોજન કરવામાં આવેલ છે. તા. ૨/૯/૨૦૨૫ નાં રોજ વિધ્નહર્તા શ્રી ગજાનન ગણપતિ દાદાની સાંજની આરતીમાં કલેકટર વિકલ્પ ભારદ્વાજ, ડી.ડી.ઓ. પરીમલ પંડયા, લાયન્સ કલબ સિટી મેઈન, રોટરી કલબ સિટી મેઈનગીર, તેજસ્વિની કલબ, ઈનરવ્હીલ કલબ સહિત સંસ્થાઓ દ્વારા ભગવાન ગણેશજી ની પૂજા કરવામાં આવી સાથે સંસ્થાના પ્રમુખ મુકેશ સંઘાણીના નેતૃત્વમાં સંસ્થા દ્વારા થતી સેવાકીય પ્રવૃત્તિઓ વિશે જાણકારી આપી કલેકટર અને ડી. ડી.ઓ.એ અભિનંદન પાઠવ્યાઅને આ મહોત્સવમાં ''ઓપરેશન સિંદુર'' થીમ બનાવવા દિલિપસિંહ ઠાકોર, ભાવેશ કાબરિયા, જીતુભાઈ બથવાર, મુકુંદભાઈ મહેતા, અંકુર માવદિયા, સાગર ગેડિયા, પ્રશાંત પરમાર, નિખિલ આસર, પૃથ્વી લેઉવા, સહદેવ મકવાણા, મુકેશ ડોબરિયા, હરેશ સુખડીયા, મુકેશ ચૌહાણ, કાળુભાઈ અકબરી, પ્રજ્ઞેશ બાજક, મયુર ખાનપરા, ભાવેશ વાળોદરા, તુષાર વાણી, નરેન્દ્રભાઈ પરમાર, હિતેષ સેજુ, કમલેશ સેજુ, અજય કાલેણા, લાલો કવા, ગૌરવ મહેતા, જીગ્નેશ દાફડા, ઉદયસિંહ રાજપુત, કિશોર આજુગીયા સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo. 94268 31241

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, પટેલ બોર્ડીંગનાં ગેઈટની પાસે, અમરેલી.
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

શું તમને સાંભળવાની તકલીફ છે ?
કોઈપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩

ગણેશ મહોત્સવ નિમિત્તે...
ડ્રાયફ્રુટથી ભરપુર શુદ્ધ ઘી માં બનેલ ચુરમાના સ્પે. લાડુ
મગજના લાડુ
મગીયા લાડુ
શિવ ફરસાણ માર્ટ
ભીડભંજન ચોક અમરેલી
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

Hero
સહકારી દૂધ મંડળીના ગ્રાહક મિત્રો માટે ખૂશ ખબર...
₹2500/-
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

Shreeji HOSPITAL
ડો. કાજલ બગડા M.S.(Ayu.)
હરસ, મસા, ભગંદર અને ફિસરની આયુર્વેદ અને આધુનિક પદ્ધતિથી સચોટ ઓપરેશનની સુવિધા
લાંબા સમયથી રૂઝાતા-ઘા, નાડીવ્રણ અને કપાસી વગેરેમાં ક્ષારકર્મ, અગ્નિકર્મ અને જલોકા દ્વારા સારવાર
કાનની બુટ સાંધવામાં આવશે, ઈન્ફેકશનનાં કારણે પડુ ભરાવું અકસ્માતથી થયેલા ઈજાની સારવાર
ચામડીની ગાંઠ અને શરીરના કોઈપણ ભાગમાં થયેલી ચરબીની ગાંઠની સારવાર
સ્થળ : ભીડભંજન મંદિરની પાસે, રાજકમલ ચોક, લીલીયા રોડ, અમરેલી

॥ વંદે માતરમ્ ॥
YAMAHA
જીજ્ઞેશ એજન્સી
YES! YAMAHA
Make an Impression
fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino year
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૯ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA
Shine 100 DX
SOLID HAI
BOOKINGS OPEN
Ex showroom ₹74,959/-
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારુતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

WALK IN INTERVIEW
જનરલ ઓફીસ એડમીનીસ્ટ્રેશન માટે સ્ટાફ જોઈએ છે
GENERAL WEB MANAGEMENT
MULTIMEDIA
GEM PORTAL CORRESPONDENCE
E-MAIL CORRESPONDENCE
GENERAL ACCOUNTING (TALLY - MIRACLE)
IT RETURNS (I-TEX)
PAN CARD APPLICATION
E-STAMP PORTAL
CSC PORTAL
IRCTC RAILWAY TICKET PORTAL
MUTUAL FUND MANAGEMENT
INSURANCE PORTAL
MAHAJAN TELNET LLP.
95 86 86 86 45

# જ્યાં સિંહોની ડણકુ અને મોરના ટુહકાં વચ્ચે પશુપાલકોના પરિશ્રમથી જીવન ખીલી ઉઠે છે તેવું ગામ એટલે ભોકરવા






સાવરકુંડલા તાલુકાનું ભોકરવા ગામ એક એવું નાનકડું ગામ છે, જે કુદરતી સૌંદર્ય, જંગલી પ્રાણીઓની ઉપસ્થિતિ અને ગ્રામ્ય જીવનની સાદગી સાથે અનોખું સ્થાન ધરાવે છે. તાલુકાનું છેલ્લું ગામ ગણાતું ભોકરવા ચાર નેહડા સાથે જોડાયેલ છે અને પશુપાલન માટે વિશેષ ઓળખ ધરાવે છે. અહીં તાલુકાના સૌથી વધુ દુધાળા પશુઓ પાલન થાય છે, જેના આધારે ગામની આર્થિક સક્ષમતા મજબૂત રહીછે. ડુંગરાઓની વચ્ચે ખોબા જેવડું વસેલું ભોકરવા ગામ ખરેખર કુદરતનો ખજાનો છે. આસપાસ ફેલાયેલી પવનચક્કીઓ, વહેતી નદી, સરોવર અને હરિયાળી ડુંગરો તેને અદભૂત દ્રશ્ય આપે છે. ગામની આસપાસ જંગલ વિસ્તાર છે, જયાં દરરોજ સિંહો, દીપડા, હરણ અને મોર જેવા પ્રાણી–પક્ષી જોવા મળેછે. રાત્રે સિંહોની ગર્જના ગામના શાંત વાતાવરણમાં ગુંજે છે, જયારે સવારે રાષ્ટ્રીય પક્ષી મોરના ટુહકાથી ગામનું પ્રભાત મંગળમય બને છે. રાજુભાઈ મોરી જણાવ્યું કે, સાવરકુંડલા તાલુકાથી ૨૬ કિ.મી. દૂર આવેલું આ ગામ ત્રણ તાલુકા–સાવરકુંડલા, જેસર અને મહુવાના જંગલ વિસ્તારમાં આવેલું છે. વડાળનું બીડ અને સોહરીયા બીડ જેવા જંગલોના આછેરા ભોકરવા ગામને પ્રકૃતિપ્રેમીઓ માટે વિશેષ બનાવે છે. અહીંની વસ્તી આશરે ૧૪૦૦ છે, જેમાંથી ૧૨૦૦ લોકો ગામમાં વસેછે અને બાકી ૨૦૦ જેટલા લોકો રોજગાર માટે સુરત, ભાવનગર અને સાવરકુંડલા જેવા શહેરોમાં સ્થાયી થયા છે. ગામના મોટા ભાગના લોકો વાડી વિસ્તારમાં વસે છે અને જીવનયાપન માટે ખેતી તથા પશુપાલન કરે છે. ભોકરવા સાવરકુંડલા તાલુકાનું સૌથી વધુ દુધાળું ગામ ગણાય છે. અહીં ગાય, ભેંસ, ઘેટાં અને બકરાં જેવા પશુઓનું પાલન થાય છે. સાથે સાથે ઘઉં, જીરૂ, મગફળી, તલ, બાજરી, ચણા, કપાસ, દિવેલી, રજકો અને શાકભાજીના પાકની ખેતી ગામજનોને આર્થિક રીતે મજબૂત બનાવે છે. ગામના મધ્યમાં આવેલું રામજી મંદિર માત્ર ધાર્મિક કેન્દ્ર નથી, પણ ગામના ભાઈચારા અને વિકાસના નિર્ણયોનું મંચ છે. અહીં દરરોજ ગામજનો ભેગા થઈને ચર્ચા કરે છે અને સમસ્યાઓના ઉકેલ માટે એકતા દાખવે છે. ગામના યુવા આગેવાન હાજુભાઈ મોરી સતત રાત–દિવસ ગ્રામજનોની સેવા, સહાય અને વિકાસ કાર્યોમાં આગળ રહે છે. ભોકરવામાં અનેક આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. ગામમાં દૂધની ડેરી કાર્યરત છે, જે પશુપાલકોને તેમના પરિશ્રમનું યોગ્ય મૂલ્ય આપે છે. ઓનલાઈન સેવાઓ, બેંકિંગ સુવિધાઓ અને સરકારી યોજનાઓનો લાભ ગ્રામજનોને ઘરઆંગણે મળી રહે છે. આંગણવાડી, પ્રાથમિક શાળા, પંચાયત ઘર, પોસ્ટ સેન્ટર, આરોગ્ય કેન્દ્ર, પાણી માટે નાદાર, ડંકી અને કુવાઓ જેવી સુવિધાઓ ગ્રામજનોના દૈનિક જીવનને સરળ બનાવે છે. પશુ–પક્ષીઓ માટે ચબુતરા અને પાણીના અવેડા પણ ઉપલબ્ધ છે, જે ગ્રામ્ય જીવનની સમૃદ્ધિ દર્શાવે છે. સામાજિક રીતે ભોકરવામાં આહીર સમાજની બહુમતી છે, જયારે રબારી, ભરવાડ, બાવાજી, દલિત અને વાણંદ સમાજના લોકો પણ એકતાથી રહે છે. ગામની અંદર અનેક ધાર્મિક સ્થળો છે – શિવાલય, રામજી મંદિર, હનુમાનજી મંદિર, મોરી પરિવારનો મઢ, ઋષિ ખોડીયાર આશ્રમ તથા નંદરામબાપુ દાણીધારીયા સંચાલિત ગૌશાળા. ધાર્મિક ભાવનાથી સમૃદ્ધ આ ગામ દર વર્ષે જન્માષ્ટમી મહોત્સવ, ભાગવત કથા અને સત્યનારાયણ કથા જેવા પ્રસંગો હળીમળીને ઉજવે છે, જે ગ્રામજનોની એકતા અને શ્રદ્ધાનું પ્રતિક છે. આ રીતે પ્રકૃતિના ખોળે વસેલું ભોકરવા માત્ર એક ગામ નહીં, પરંતુ કુદરતી સૌંદર્ય, પશુપાલન, ખેતી અને ભાઈચારા સાથેનું અનોખું ઉદાહરણ છે. અહીંની શાંતિ, કુદરતની નજીકતા અને લોકોની એકતા ભોકરવાને સાહેજ ભૂલાવી શકાય એવું બનાવે છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલી તાલુકાનાં ૪ ગામોને

અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયાએ તાત્કાલિક પગલાં લેતા આ ગામોના આગેવાનો અને ખેડૂતો સાથે બેઠક યોજી. બેઠક દરમિયાન ખેડૂતો અને આગેવાનોએ વિગતે રજૂઆત કરી કે ભારે વરસાદને કારણે કપાસ, મગફળી, તલ સહિતના પાકોનો મોટા પાયે નુકસાન થયું છે. છતાંય આ ગામો રાહત પેકેજની યાદીમાં સામેલ કરવામાં આવ્યા નથી. જેના કારણે ખેડૂતો આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે.

ધારાસભ્ય કૌશિક વેકરીયાએ ખેડૂતોની દરેક સમસ્યા અને રજૂઆતને ધ્યાનપૂર્વક સાંભળી અને તેમને વિશ્વાસ આપ્યો કે તેમની માંગણીઓ અવગણવામાં નહીં આવે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે ખેડૂતોને યોગ્ય વળતર મળે તે માટે તેઓ મુખ્યમંત્રી તથા કૃષિમંત્રી સમક્ષ સત્તાવાર રજૂઆત કરશે.

આ બેઠક દરમિયાન ગ્રામજનોમાં ધારાસભ્યની સંવેદનશીલતા અને તત્પરતા અંગે સંતોષ વ્યક્ત થયો હતો. ખેડૂતોને લાગ્યું કે તેમની વેદનાને યોગ્ય માધ્યમ મળી રહ્યું છે. કૌશિક વેકરીયાએ જણાવ્યું કે સરકાર સુધી ખેડૂતોના અવાજને પહોંચાડવાનું પોતાનું ધારાસભ્ય તરીકેનું કર્તવ્ય છે અને આ મુદ્દે ન્યાય મળ્યા વગર તેઓ ચુપ નહિ બેસે.

આ રીતે કૃષિ રાહત પેકેજમાંથી બાકાત રહેલા ગામોની માંગણીઓ હવે સીધી રાજય સરકાર સમક્ષ પહોંચતાં ખેડૂતોમાં આશાનો કિરણ જોવા મળ્યો છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીમાં સાંકડા રસ્તા

વિસંગતાના કારણે હજારો મકાનો નિયમિત થઈ નશકતા અમરેલી શહેરમાં રોષ ફેલાયો છે.

અમરેલી નગરપાલિકા દ્વારા ઈમ્પેકટ ફી લઈ જૂની મિલકતો મકાનો ઓનલાઇન ફોર્મ ભરી રેગ્યુલાઇઝ કરવાની પ્રક્રિયા શરૂ છે. ત્યારે સરકારના આ કાયદાનો દાયકા જૂની સોસાયટી, પા, પરાના મિલકત ધારકો ઓનલાઇન ફોર્મ ભરી જરૂરી કાગળો દસ્તાવેજ બિનખેતીનો હુકમ પી.આર. કાર્ડ સહિત કાગળો રજૂ કરી દંડ ભરી રજા ચિઠ્ઠીની માંગણી કરી રહ્યા છે.

ત્યારે અમરેલી નગરપાલિકામાંથી અનેક સાંકડી શેરી અને રસ્તાના કારણે ઈમ્પેકમાં સમાવેશ થતો નથી. પરિણામે સરકારની આ યોજનાનો મિલકત ધારકોને પૂરતો લાભ મળતો ન હોવાની ફરિયાદો ઉઠી છે. અને જુના મકાનોની લે વેચ અટકી ગઈ છે. પરિણામે બાંધકામ અને ઈનફાસ્ટ્રકચરમાં મંદી દેખાઈ આવેલ છે.

મિલકત ધારકોને બાંધકામની રજા ચિઠ્ઠી ન હોવાના કારણે રાષ્ટ્રીયકૃત સરકારી બેંકોમાં મળતી હાઉસિંગ લોનની સુવિધાનો લાભ પણ મળતો નથી. પરિણામે જરૂરિયાતમંદ લોકોના છૂટકે પ્રાઈવેટ બેંક અને ફાઈનાન્સ કંપનીઓમાંથી ૧૨ થી ૧૫ ટકા જેવા ઉંચા વ્યાજદરે લોન લઈ વ્યાજના ચક્કરમાં ફસાઈ રહ્યા છે.

સરકાર અને નગરપાલિકા આવી મિલકતો રેગ્યુલાઈઝ કરવા ઈમ્પેકટ ફી લઈ સરળતા વાપરે તો લાખો મિલકત ધારકો અને સરકારને પણ ફાયદો થાય અને સરકારની આ યોજના સાચા અર્થમાં સાર્થક નીવડે તેવું અમરેલી નગરજનોની માંગ છે

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૯૦૦ | ૯૯૪ |
| ૨ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૩૩૫ |
| ૩ | શિંગદાણા ફાડા | ૯૧૫ | ૧૧૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૦૧૦ | ૨૧૯૦ |
| ૫ | તલ કાળા | ૨૪૭૫ | ૪૫૫૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૧૩૦૦ | ૨૩૩૨ |
| ૭ | બાજરો | ૩૧૨ | ૫૫૦ |
| ૮ | જુવાર | ૭૬૦ | ૭૮૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૧૨ | ૬૦૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૧૧ | ૫૮૩ |
| ૧૧ | મગ | ૧૩૫૦ | ૧૬૦૦ |
| ૧૨ | અડદ | ૧૦૦૦ | ૧૨૯૫ |
| ૧૩ | ચણા | ૯૨૫ | ૧૧૪૦ |
| ૧૪ | સફેદ ચણા | ૧૦૦૧ | ૧૧૨૨ |
| ૧૫ | ચોળી | ૯૦૦ | ૯૦૦ |
| ૧૬ | તુવેર | ૯૮૦ | ૧૧૩૦ |
| ૧૭ | વાલ | ૮૯૯ | ૮૯૯ |
| ૧૮ | કપાસ | ૯૬૬ | ૧૫૮૫ |
| ૧૯ | એરંડા | ૧૧૫૦ | ૧૨૫૮ |
| ૨૦ | જીરૂ | ૨૫૩૦ | ૩૫૭૫ |
| ૨૧ | રાયડો | ૧૧૯૦ | ૧૧૯૦ |
| ૨૨ | ગમ ગુવાર | ૮૮૮ | ૮૮૮ |
| ૨૩ | ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૨૪ | અજમા | ૧૦૨૦ | ૧૫૯૦ |
| ૨૫ | મેથી | ૮૭૯ | ૯૦૦ |
| ૨૬ | સોયાબીન | ૬૧૫ | ૮૪૮ |
| ૨૭ | વરીયાળી | ૭૦૦ | ૭૬૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીનાં જશવંતગઢ ગામે

બંધારણીય અધિકારનું રક્ષણ કરવાની જવાબદારી રાજય સરકારની છે. જેથી સ્થાનિક જશવંતગઢ ગામના નાગરિકોના માનવ અધિકાર ભંગના મુદ્દે તેઓના માનવ અધિકારોનું રક્ષણ થાય તે માટે તાત્કાલિક કાર્યવાહી કરવા સામાજિક કાર્યકર કાંતિલાલ પરમાર દ્વારા ઉચ્ચ કક્ષાએ મુખ્યમંત્રી સુધી રજૂઆત કરવામાં આવેલ છે.

મુખ્યમંત્રી સમક્ષ સામાજિક કાર્યકર કાંતિલાલ પરમાર દ્વારા કરવામાં આવેલ રજૂઆતમા જણાવેલ છે કે તાત્કાલિક જશવંતગઢ ખાતે ગામતળ ફેરબદલ કરી ગામતળની નિમવામાં આવે અને અગાઉ દસ વર્ષ પહેલા તાલુકા લેન્ડ કમિટી દ્વારા મંજુર કરવામાં આવેલ ૨૭ મફત પ્લોટના લાભાર્થીઓને કબ્જા આપવામાં આવે અને મફત પ્લોટના માંગણીદારોને લેન્ડ કમિટીની મિટિંગ બોલાવી મફત પ્લોટની ગામે ફાળવણી કરવામાં આવે.

અગાઉ ગામથી થોડે દુર શીતળામાંની ઓરડી પાસે મફત પ્લોટ માટે મંજુર કરવામાં આવેલ જમીનમાં સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા ઊંડા ખાડા કરી નાખવામાં આવેલ છે તેમજ નજીકમાં પાણીનું વહેણ હોઈ હાલમાં અહીંની નીમ કરેલ જમીનમાં મફત પ્લોટ ફાળવી શકાય તેમ નથી. જેના કારણે તાલુકા લેન્ડ કમિટી દ્વારા ૨૭ લાભાર્થીઓના મંજુર કરવામાં આવેલ પ્લોટનો કબ્જો આપવામાં આવેલ નથી.

ગામતળ ફેરબદલ મામલે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કર્યા બાદ તાલુકા વિકાસ અધિકારી અમરેલી દ્વારા સ્થાનિક તંત્ર દ્વારા થયેલ કામગીરીનો અહેવાલ પૂરો પાડી જણાવેલ છે કે હાલ આ ગામતળની જમીન નીમ કરવાનું સમગ્ર પ્રકરણ મહેસુલ વિભાગ, ગાંધીનગર ખાતે મંજૂરી માટે મોકલેલ છે. જે મંજૂરી મળ્યા બાદ લોકોને મફત પ્લોટ ફાળવી શકાશે.

પાના ૮ ઉપરનું ચાલું
## પ્રયોગશીલ શિક્ષકે

કેરીની ગોટલીઓને સુકવીને, તેના સખત ભાગને કાતર અને કટર વડે કટ કરેલા જુદા જુદા ભાગોને ગમ–ફેવિકોલથી ચોંટાડીને શ્રી ગણપતિજીને કલાત્મક રીતે કંડાર્યા છે. સાથે જ તેને એક ફોટો ફ્રેમમાં મઢવામાં આવ્યાં છે.

શાળામાં આ અનોખા શ્રી ગણપતિજીને નિહાળી વિદ્યાર્થીઓને પ્રેરણા મળે છે, તેમની સુષુપ્ત શકિતઓ બહાર આવે છે અને નવું અને કલાત્મક સર્જન કરવા માટે પ્રેરાય પણ છે. આમ પણ બાળકોને ઉત્સવપ્રદ વાતાવરણ ખૂબ પસંદ પડે છે. સાથો સાથ વિદ્યાર્થીઓ આપણા તહેવારો અને સંસ્કૃતિનું મહત્વ પણ જાણે–સમજે છે. તેઓ જ કહે છે કે, શ્રી ગણેશ ઉત્સવના પર્વને ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવે છે, ત્યારે પ્રકૃતિ પર્યાવરણની ખેવના લેવાનું ચૂકાય નહીં તે એક નૈતિક જવાબદારી પણ છે. એટલે લોકોએ માટીના કે પ્રકૃતિના હાનિ પહોંચે તેવા તત્વોનો ઉપયોગ કરીને શ્રી ગણેશજીની મૂર્તિ બનાવી, તેનું સ્થાપન કરવું જોઈએ. આ દિશામાં ખૂબ જાગૃતિ પણ વધી રહી છે.

તેમણે કહ્યું કે, સર્જનહારનું વિસર્જન ન કરવું જોઈએ, અલબત્ત પરંપરાઓનું પૂરતું સન્માન છે. પણ જયારે ઉત્સવોમાં રચનાત્મકતા અને કલાત્મકતા ભળે ત્યારે આનંદની અનેરી છોળો ઉછળે છે. સાથે જ એક નૂતન પ્રેરકબળ પણ મળે છે. જે આપણા ઉત્સવોને એક સાર્થકતા પણ બક્ષે છે.

મોટા માંડવડા પ્રાથમિક શાળાના આચાર્ય કેશવભાઈ ચૌહાણના માર્ગદર્શનમાં આ ઉજવણીની સાથે આપણી પૌરાણિક કથાઓમાંથી વિદ્યાર્થીઓને મૂલ્યનિષ્ઠ શિક્ષણ પણ આપવામાં આવે છે. ઉપરાંત જુદી જુદી રચનાત્મક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

તેઓ જણાવે છે કે, ઉત્સવો દરમિયાન દુર્ઘટનાઓ પણ બને છે, ત્યારે સલામતીનો પણ ખ્યાલ રાખવો અનિવાર્ય છે. એટલે ઉત્સવો દરમિયાન સાવચેતી રાખવી પણ એટલી જ જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે, શિક્ષક રાઘવ કટકીયાએ કેરીની ગોટલીના સખત ભાગમાંથી પક્ષીઓની કલાત્મક પ્રતિકૃતિઓ વગેરે બનાવવા ઉપરાંત નાળિયેરની કાચલીના ઉપયોગથી પણ ઘણી અવનવી વસ્તુઓ બનાવી છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૫૩૦ | ૫૩૦ |
| ૨ | તુવેર | ૧૦૯૦ | ૧૦૯૦ |
| ૩ | ધાણા | ૧૨૮૧ | ૧૨૮૧ |
| ૪ | કાળ તલ | ૩૧૩૧ | ૩૧૩૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | – |
| ૨ | શીંગ દાણા | ૧૧૫૦ | – |
| ૩ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૫૧ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૪૩૮૦ |
| ૫ | જીરૂ | ૩૧૦૦ | ૩૫૮૦ |
| ૬ | કપાસ | ૧૪૫૦ | ૧૫૭૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૬૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૮૯ | ૫૮૫ |
| ૯ | ચણા | ૧૦૦૦ | ૧૧૦૬ |
| ૧૦ | તુવેર | ૧૦૦૦ | ૧૧૧૧ |
| ૧૧ | સોયાબીન | ૭૦૦ | ૮૦૧ |
| ૧૨ | કપાસ નવો | ૭૨૨ | ૧૨૫૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં

બારથી સાડા બારેક વાગ્યે ખંભાળા ગામે પોતાની વાડીએ જ કોઈ અગમ્ય કારણોસર ખડ બાળવાની ઝેરી દવા પી લેતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયું હતું.

જયારે બીજા બનાવમાં અમરેલી નજીક આવેલ ભારતનગર વિસ્તારમાં રહેતી રૂકસાનાબેન અશરફભાઈ નજીબભાઈ બીલખીયા નામની ૨૦ વર્ષિય પરિણીતાએ ગત તા. ૧ના રોજ રાત્રીના ૧૦ પહેલા પોતાને ગેસની તકલીફ હોય જેથી ઘરમાં પડેલ એક લીલા કલરની પડીકી ભુલથી ફાકી સમજી ઝેરી દવા પી જવાથી તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયું હતું.

ત્રીજા બનાવમાં લાઠી તાલુકાના જરખીયા ગામે રહેતા જયસુખભાઈ નાગજીભાઈ બરવાડીયા નામના ૫૭ વર્ષિય આધેડે ગત તા. ૨ ના બપોરના આશરે ચારેક વાગ્યે જરખીયાગામે પોતાની વાડીએ કોઈ અગમ્ય કારણોસર ઘઉમાં નાખવાના ઝેરી ટીકડા ખાઈ જતા તેમનું સારવાર દરમ્યાન દરમ્યાન મોત નિપજયું હતું.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીની પીડિતા પાયલ ગોટીએ

પોલીસ તંત્ર દ્વારા તેને સતત પીડવામાં આવી રહી છે અને યોગ્ય ન્યાય મળતો નથી.

પત્ર સાથે પાયલ ગોટીએ SMCના વડા નિર્લિપ્ત રાયનો રિપોર્ટ પણ જોડ્યો છે, જેમાં સમગ્ર કેસ અંગે મહત્વપૂર્ણ મુદ્દાઓ રજૂ થયા છે. આ રિપોર્ટના આધારે પાયલ ગોટીએ મુખ્યમંત્રી પાસે પોલીસ તંત્રના જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવા માંગ કરી છે.

તેઓનો આક્ષેપ છે કે, અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરીયાને પણ પત્ર પાઠવવામાં આવ્યો હતો, છતાં હજુ સુધી ન્યાય અપાવામાં આવ્યો નથી. આ કારણે તેણે ફરી એક વખત ઉચ્ચ સ્તરે રજૂઆત કરી છે.

રાજયમાં મંત્રી મંડળના વિસ્તરણની અટકળો વચ્ચે પાયલ ગોટી પ્રકરણ ફરી ચર્ચામાં આવતાં રાજકીય અને પ્રશાસનિક સ્તરે હલચલ મચી છે. હવે સરકાર આ મામલે કેવી કામગીરી કરે છે અને પીડિતાને ન્યાય મળે છે કે નહીં તે મુદ્દો સૌની નજરમાં છે. કોંગી નેતા પરેશ ધાનાણીએ પણ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ઉપર તટસ્થ તપાસની માંગ કરી.

પાના ૧ ઉપરનું ચાલું
## જાફરાબાદ નજીક આવેલ દરિયામાં

સનસનાટી મચી જવા પામેલ છે.

આ બનાવમાં સૂત્રોમાંથી મળતી વિગત મુજબ જાફરાબાદ નજીક આવેલ ઘુઘવાટા મારતા મધ્ય દરિયામાં આજે એક અજાણ્યું કન્ટેનર પાણીમાં તરતું જોવા મળતા ચકચાર મચી જવા પામી છે. આ દરિયામાં તરતુ કન્ટેનરને માચ્છીમાર બોટે મોબાઈલના કેમેરામાં કેદ કરી અને કોસ્ટગાર્ડ તથા ફિશરીઝ અધિકારીને જાણ કરવામાં આવતાં આ કન્ટેનર અંગે તપાસ શરૂ કરવામાં આવેલ છે.

સાથોસાથ ફીશરીઝ ડીપાર્ટમેન્ટે એવી પણ ચેતવણી આપી છે કે, કોઈ અનઈચ્છનીય બનાવ ન બને તે અન્વયે તકેદારીના ભાગરૂપે દરીયામાં રહેલ અજ્ઞાત કન્ટેનરના પોઝિશન નંબર ૨૦૩૦૬૮૦..૭૧૪૭૫૫૯ તથા ૨૦૩૧૪૨૧..૭૧૪૭૧૬૫ હોવાની અપાઈ માચ્છીમારો ને જાણકારી આપવામાં આવેલ છે અને આ પોઝીશન નંબર ઉપર કોઈ માચ્છીમારોએ માચ્છીમારી કરવી નહી કે કન્ટેનર નજીક જવુ નહી.

આ ઉપરાંત આ કન્ટેનરમાં શું છે તેની કોઈ માહિતી ના હોઈ તેમાં કોઈ નુકસાનકારક વસ્તુ કે પદાર્થ હોવાની સંભાવના રહેલી છે. ત્યારે અમરેલી જિલ્લા કચેરી તળે આવતા તમામ માચ્છીમાર બોટ માલીકો, સમાજના આગેવાનો, સહકારી મંડળીના પ્રમુખો તથા માચ્છીમાર બોટ એસોસીએશનના પ્રમુખને દરિયામાં અજ્ઞાત કન્ટેનરો જોવા મળ્યા અંગે ચેતવણી પણ ફીશરીઝ વિભાગ દ્વારા અપાય છે અને આ કન્ટેનર કયાંથી તણાઈને આવ્યું તે અંગે તપાસનો વિષય હોય જેને લઈ સનસનાટી મચી જવા પામેલ છે.

આ કન્ટેનરનાં કારણે કોઈ અકસ્માત સર્જાવાની સંભાવના હોય તમામ બોટ / હોડીઓના માલીકોને મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક જાફરાબાદ દ્વારા જાણકારી પણ અપાઈ છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૫૦ | ૧૪૫૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૬૬ | ૫૫૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૦૧ |
| ૪ | સોયાબીન | ૬૦૦ | ૮૧૩ |
| ૫ | ચણા | ૬૫૦ | ૧૦૬૫ |
| ૬ | મગફળી | ૮૨૫ | ૮૨૫ |
| ૭ | ચણા સફેદ | ૯૦૦ | ૯૦૦ |
| ૮ | તલ સફેદ | ૧૨૦૦ | ૧૮૮૦ |
| ૯ | મગ | ૧૨૦૫ | ૧૨૦૫ |
| ૧૦ | ધાણા | ૧૧૩૦ | ૧૨૬૦ |
| ૧૧ | બાજરો | ૨૯૦ | ૨૯૦ |
| ૧૨ | રાય | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૩ | શીંગદાણા | ૧૨૨૦ | ૧૨૨૦ |
| ૧૪ | શીંગફાડા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૫ | તુવેર | ૧૦૩૦ | ૧૦૩૦ |
| ૧૬ | મેથી | ૭૫૦ | ૭૫૦ |
| ૧૭ | એરંડી | ૧૧૫૦ | ૧૧૫૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીની સિવિલ હોસ્પિટલની

મુલાકાત લીધી હતી. હોસ્પિટલના તમામ વોર્ડમાં ફરી દર્દીઓ પાસેથી હોસ્પિટલ અંગે લીધી માહિતી મેળવી હતી.

જિલ્લાના ઉચ્ચ અધિકારીઓએ હોસ્પિટલ ચાલતા તમામ વિભાગોની પણ મુલાકાત લીધી હતી. તેમણે ટ્રોમા સેન્ટર સહિત દરેક વોર્ડની સારવાર અંગેની પણ તપાસ કરી હતી. તેઓએ દર્દીઓ સાથે વાતચીત કરી આરોગ્ય સેવાઓની ગુણવત્તા અંગે જાત માહિતી મેળવી હતી. આ પ્રકારનું સરપ્રાઈઝ ચેકિંગ અમરેલી સિવિલ હોસ્પિટલમાં પ્રથમ વખત થયું છે.

અમરેલી જિલ્લાની આ સૌથી મોટી સિવિલ હોસ્પિટલમાં દરરોજ ૧૫૦૦થી વધુ દર્દીઓ ઓપીડીમાં સારવાર મેળવે છે. શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના દર્દીઓ અહીં સારવાર માટે આવે છે. તપાસ દરમિયાન કોઈ ગંભીર ક્ષતિ કે બેદરકારી જોવા મળી ના હોવાનું પણ જાણવા મળેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## ભાજપ સરકાર શિક્ષણનો અધિકાર

શાસનમાં સરકારી–ગ્રાન્ટેડ શાળા–કોલેજો– યુનિવર્સિટી સ્થાપી રાજયમાં કન્યા કેળવણી મફત, મધ્યાહ્ન ભોજન યોજના, શિક્ષકોને પૂરો પગાર સાથે પેન્શન યોજના લાગુ કરવામાં આવી હતી. ભાજપ સરકાર શિક્ષણનું ખાનગીકરણ–વ્યાપારીકરણ કરીને સરકારી–ગ્રાન્ટેડ શાળા–કોલેજો –યુનિવર્સિટીનાં માળખાને તોડી રહી છે. કોંગ્રેસ સરકારે શિક્ષણનો અધિકાર આપ્યો ભાજપ સરકાર શિક્ષણનો અધિકાર છીનવી રહી છે.


જીકાસ પ્રવેશ પ્રક્રિયામાં ધાંધિયાને લીધે એક બાજુ સરકારી, ગ્રાન્ટેડ કોલેજોમાં હજારો બેઠકો ખાલી બીજી બાજુ ગરીબ અને મધ્યમ વર્ગના હજારો વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત છે અને ધો. ૧૨નાં પરિણામ જાહેર થયાના ચાર–ચાર મહિના જેટલા સમય બાદ પણ પ્રવેશ પ્રક્રિયા કયારે પૂર્ણ થશે અને કયારે શૈક્ષણિક કાર્ય શરૂ થશે તે મોટો પ્રશ્ન છે. રાજયના શિક્ષણ વિભાગ દ્વારા બનાવવામાં આવેલી જીકાસ ઓનલાઈન પદ્ધતિમાં ગંભીર બેદરકારી અને બિનકાર્યક્ષમ વહીવટના કારણે નિષ્ફળ ગઈ છે. રાઉન્ડ ઉપર રાઉન્ડ યોજવામાં આવ્યા હોવા છતાં પ્રવેશની સમસ્યાઓ ઉકેલી શકાય નથી. એક બાજુ સરકારી–ગ્રાન્ટેડ સહિત કોલેજોમાં હજારો બેઠકો ખાલી પડી છે જયારે ખાનગી યુનિવર્સિટીઓમાં મસમોટી ફી હોવા છતાં સામાન્ય–મધ્યમ વર્ગના વિદ્યાર્થી–વાલીઓને પ્રવેશ માટે મજબુર બનવું પડે છે.

ગુજરાતમાં વિવિધ યુનિવર્સિટીઓમાં શિક્ષણની ગુણવત્તા, વિદ્યાર્થીઓની સુવિધા અને માળખાકીય વ્યવસ્થા અંગે મૂળભૂત કામગીરી થતી નથી. કોન્ટ્રાકચુઅલ–કરાર આધારિત પ્રોફેસર, કોલેજ સ્ટાફ, એડમિન સ્ટાફ, લેબ ટેકિનશિયન રાખવામાં આવી રહ્યા છે. વડોદરાની વિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં પણ કાયમી ભરતીની જગ્યાએ કોન્ટ્રાકટ–કરાર આધારિત ભરતીઓ જ કરવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓને ભણવા માટે પૂરતો એકેડમિક સ્ટાફ ન હોય, મળવાપાત્ર સ્કોલરશીપ આપવામાં ન આવે, પૂરતી સુવિધા નહીં આપવાની તેમ છતાં વિદ્યાર્થીઓની ફીમાં ધરખમ વધારો કરી માત્ર લૂંટ ચલાવવાની દુકાન જેમ યુનિવર્સિટીઓ વર્તી રહી છે. રાજયમાં ૮૩ સરકારી આર્ટસ–કોમર્સમાં વર્ગ–૧ની ૧૩, વર્ગ–૨ની ૧૭૭, વર્ગ–૩ની ૧૬૭ અને વર્ગ–૪ની ૧૫૪ જગ્યાઓ ખાલી છે. આ કોલેજોમાં ૧૨૬૪ જગ્યાઓ ભરાયેલી છે જેની સામે ૫૦૬ જગ્યાઓ ખાલી છે. રાજયની વિવિધ અભ્યાસક્રમોની ૩૫૦ ગ્રાન્ટેડ કોલેજમાંથી ૨૦૦ જેટલી કોલેજોમાં લાંબા સમયથી કાયમી આચાર્યો નથી. જે પૈકી ૨૬૩ ગ્રાન્ટેડ આર્ટસ–કોમર્સ કોલેજોમાં આચાર્યની ૬૫, અધ્યાપકની ૧૫૮૬, પીટીઆઈની ૬૮, ગ્રંથપાલની ૧૨૬, વર્ગ–૩ની ૧૧૭૮ અને વર્ગ–૪ની ૧૩૦૧ જગ્યાઓ ખાલી છે. ખાલી જગ્યાઓ પૈકી ગ્રંથપાલ, વર્ગ–૩ અને વર્ગ–૪ની ૬૦ ટકા કરતા વધુ જગ્યાઓ ખાલી છે. રાજયની ૨૬૩ ગ્રાન્ટેડ આર્ટસ–કોમર્સ કોલેજોમાં ફીજીકલ એજયુકેશન ગ્રંથપાલની ૧૫ વર્ષ કરતા વધુ સમયથી ભરતી કરવામાં આવતી નથી. વહીવટી કર્મચારીની ૬૫ ટકા એટલે કે ૧૧૭૮ જગ્યાઓ અને પટાવાળાની ૧૩૦૧ જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. નવી ભરતી પ્રક્રિયા હાથ ન ધરવાને કારણે નિવૃત્તી અથવા નિધનથી ખાલી જગ્યાઓમાં સતત વધારો થતો જાય છે.

મનગમતા કુલપતિઓની નિમણૂંક પાછળ ભાજપા–સંઘની આંતરિક ખેંચતાણને લીધે ઉચ્ચ શિક્ષણ અને યુનિવર્સિટીની વ્યવસ્થાને ભારે નુકસાન થઈ રહ્યું છે. કોલેજો ઈન્ચાર્જ પ્રિન્સીપાલોના હવાલે અને યુનિવર્સિટીઓ 'નમસ્તે કુલપતિઓ'ના હવાલે કરીને ભાજપા સરકારે શિક્ષણ વ્યવસ્થાની અધોગતિ કરી છે તેવા આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્યપ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, સુપ્રિમકોર્ટના આદેશમાં સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિની લાયકાત અંગેના ચુકાદામાં સ્પષ્ટપણે આદેશ છતાં અનેક યુનિવર્સિટીઓમાં નિયમ વિરૂધ્ધ કુલપતિઓની નિમણુંક પણ કરવામાં આવી અને તેઓએ સુવિધા સાથે કાર્યકાળ પણ ભોગવ્યો. તાજેતરમાં એમ.એસ. યુનિવર્સીટીનાં કુલપતિ પ્રો.શ્રીવાસ્તવની શૈક્ષણિક લાયકત અંગે હાઈકોર્ટમાં કેસ જતા તેમને હકાલપટ્ટી પહેલા રાજીનામું અપાવીને ભાજપ સરકારે બચાવ્યા છે. આજે પણ રાજયની યુનિવર્સિટીઓમાં યુજીસીના નિયમની વિરૂધ્ધ મનગમતા અને ગોઠવણથી કુલપતિ પદે નિમણુંકો કરવામાં આવી રહી છે. જેનાથી રાજયની શિક્ષણ વ્યવસ્થામાં સાચા–નિષ્ઠાવાન પ્રાધ્યાપકોમાં નિરાશાનું વાતાવરણ ઉભુ થયું છે.

રાજયોની યુનીવર્સીટીઓને નેકના આધારે ગ્રાન્ટ અને અન્ય નાણાંકીય સુવિધાઓ મળે છે તેવામાં રાજયની ૩૫૦ ગ્રાન્ટેડ કોલેજમાંથી ૨૦૦ જેટલી કોલેજોમાં લાંબા સમયથી કાયમી આચાર્યો નથી. કાયમી આચાર્ય ન હોવાથી જે તે કોલેજોને નેકની માન્યતા મેળવવામાં સમસ્યા પડી રહી છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનનાં આદેશ મુજબ દેશની દરેક યુનિવર્સિટી અને કોલેજોએ નેકની માન્યતા ફરજીયાત હોવા છતાં ગુજરાતની મોટા ભાગની યુનિવર્સિટી અને કોલેજોએ માન્યતા લીધેલ નથી. ગુજરાત રાજયની ૮૩ માંથી ૫૫ એટલે કે ૬૬% થી વધુ યુનિવર્સિટીએ નેકની માન્યતા લીધેલ નથી, ગુજરાત રાજયની ૨૨૬૭માંથી ૧૭૬૭ એટલે કે ૭૮% કોલેજોએ નેકની માન્યતા લીધેલ નથી. કેટલીક કોલેજો અને યુનિવર્સિટીની નેક મૂલ્યાંકનની સાઈકલ પૂર્ણ થઈ ગઈ હોવા છતાં તેઓ મૂલ્યાંકન મેળવવા માટે પ્રયત્ન કરી રહ્યા નથી. ગુજરાતની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં પૂરતી માળખાકીય વ્યવસ્થાઓનો અભાવ, પૂરતા અને યોગ્ય અધ્યાપકોની ઘટ, કથળતું શિક્ષણ જેવા મુદ્દાઓથી શૈક્ષણિક સંસ્થાઓ નેકના મૂલ્યાંકનથી કેમ ડરી રહી છે ? ભાજપ સરકાર જવાબ આપે.

# પર્યાવરણ સંરક્ષણના અનેરા સંદેશ સાથે ઇકોફ્રેન્ડલી વિઘ્નહર્તા ગણેશજીની મૂર્તિનું સ્થાપન-વિસર્જન






ભારત ધાર્મિક અને સાંસ્કૃતિક ઉત્સવોની ભૂમિ છે. અહીં વિવિધ ધર્મના લોકો વિવિધ તહેવારોની ઉજવણી રંગેચંગે કરે છે. અમરેલીના વતની અને ફોટોગ્રાફર અમિત જાનીએ પોતાના ઘરે જ ઈકોફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિ બનાવીને સ્થાપન – વિસર્જન કર્યું હતું. પ્રવર્તમાન સમયમાં ગ્લોબલ વોર્મિંગના કારણે જળ, જમીન અને વાતાવરણ પ્રદૂષિત બની રહ્યા છે, ત્યારે અમિત જાનીએ પર્યાવરણ સંરક્ષણના ઉમદા ઉદ્દેશ સાથે ઈકોફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિનું પોતાના ઘરે જ વિસર્જન કરીને જળ અને જમીન પ્રદૂષિત ન બને તેની તકેદારી અને કાળજી રાખવાનો સંદેશ પ્રસરાવ્યો હતો. અમિત જાનીએ ત્રણ કિલો ચોકલેટમાંથી દૂંદાળા દેવ ગણેશજીની મૂર્તિ બનાવી હતી. સાથે ૧૫ લીટર દુધમાં વિઘ્નહર્તાની મૂર્તિનું વિસર્જન કર્યું હતું. ગણેશજીની મૂર્તિના વિસર્જન બાદ દૂધ અને ચોકલેટનું મિક્સ મિલ્કશેક બનાવીને અમરેલી સ્થિત મુક-બધિર શાળાના બાળકોને મિલ્કશેક પ્રસાદ સ્વરૂપે આપવામાં આવ્યો હતો. આ તકે અમિત જાનીએ જણાવ્યું કે, આપણે સૌ પર્યાવરણના સંરક્ષણમાં સહભાગી બનીએ અને જળ, જમીન, વાયુને પ્રદૂષિત થતા અટકાવીએ. દર વર્ષે ગણેશજીની મૂર્તિની સ્થાપના વિવિધ શહેરો અને ગ્રામ્યકક્ષાએ અનોખી થીમ સાથે કરવામાં આવે છે. અમરેલી જિલ્લા વહીવટી તંત્રએ આ વર્ષે ગણેશજીની મૂર્તિના વિસર્જન માટે વિવિધ તાલુકા મુજબ વિવિધ સ્થળો નક્કી કર્યા છે. નક્કી થયેલ સ્થળોએ જ ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવા નાગરિકોને અનુરોધ છે.

### દાઉદી વોરા સમાજનાં યુવા બિલ્ડર દ્વારા

## બગસરાના સ્વામીનારાયણ મંદિરને રૂપિયા ૯ લાખની કિંમતી મૂર્તિની ભેટ અર્પણ

### કોમી એકતાનો અદ્ભુત કિસ્સો સામે આવ્યો




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૩

બગસરા દાઉદી વોરા સમાજના યુવા બિલ્ડર અકીલભાઈ નજમુદ્દીનભાઈ વખારીયા એ બે વર્ષ પહેલા એક મકાન લીધેલું હતું તે મકાન ઉપર બિલ્ડીંગ બનાવવા ખોદકામ ચાલુ કરેલ ત્યારે ખોદકામ કરતા પાયામાંથી શ્રી સ્વામિનારાયણ ભગવાનની આશરે નવ લાખની કિંમતની ધાતુની ત્રણ ફૂટની મૂર્તિ નીકળતા તે મૂર્તિ બગસરા ના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી વિવેક સ્વરૂપ સ્વામી ને પધરાવી આપેલ જેની જાણ એક સુરતમાં રહેતા હરિભક્તોને સદા તેમણે અકીલભાઈ ને તો એક પ્રસાદી રૂપે ભેટ પુરસ્કાર થી સન્માનિત કરવા માટે અપીલ કરેલ ત્યારે અકીલભાઈ એ સ્પષ્ટ શબ્દોમાં આ પુરસ્કાર સ્વીકારવાની મનાઈ કરી હતી અને કહ્યું હતું કે આ તમારી ધરોહર છે જેની કોઈ ભેટ સોગાત લઈ ના શકાય અને કોમી એકતા અને ધાર્મિક ભવના દર્શાવેલ ત્યારે હરિભક્તે સુરતના પ્રખ્યાત ચિત્રકારોના નામ છે તેવા ચિત્રકાર સરફરાજ આઝાબને હાથ ગળાની દાઉદી વોરા સમાજના ધર્મગુરૂની સાડા ત્રણ બાય સમાચારની ફોટો ફ્રેમ વાળી હાથકડાની થેલી ચિત્ર બનાવી સામે ધાર્મિક લાગણી દર્શાવી અને બગસરા શ્રી સ્વામિનારાયણ મંદિરના સ્વામી શ્રી વિવેક સ્વરૂપ સ્વામીના હસ્તે અકીલભાઈને પ્રસાદી રૂપે પધરાવી આપેલ આ સમયે બગસરાના વોરા સમાજના અગ્રણીઓ અને બગસરાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### ભાજપનાં ગઢમાં જ અનેક ગામોને અન્યાય

## રાજુલા–જાફરાબાદ પંથકનાં ખેડુતોને કૃષિ રાહત પેકેજમાં અન્યાય : ટીકુ વરૂ

### કપાસ સહિત અન્ય પાકોને પણ વ્યાપક નુકસાન થયેલ

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં કૃષિ સહાય પેકેજ જાહેર થયા બાદ સ્થાનિક સ્તરે વિવાદ ઉભો થયો છે. રાજુલા–જાફરાબાદના કોંગ્રેસ નેતા ટીકુભાઈ વરૂએ સરકારની નીતિ સામે ખુલ્લેઆમ રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે આક્ષેપ કર્યો કે કોસ્ટલ બેલ્ટ ભાજપનો ગઢ હોવા છતાં ખેડૂતોને પેકેજમાંથી બાકાત રાખવામાં આવ્યા છે, જે ગંભીર અન્યાય છે.



વરૂએ જણાવ્યું કે ખેડૂતોને રજિસ્ટ્રેશનથી લઈને ખાતર અને સહાય મેળવવા સુધી હંમેશા લાઈનમાં ઉભા રહેવુ પડે છે. તાજેતરમાં ૨ હજારનો હપ્તો લીધેલા ખેડૂતોને રેશનિંગ પુરવઠામાંથી પણ બાકાત રાખવાની શરત લાગુ કરાઈ છે, જે ખેડૂતોને ડબલ માર સમાન છે. તેમણે આંકડા રજૂ કરતા કહ્યું કે જાફરાબાદના ૨૦, રાજુલાના ૮ અને ખાંભાના ૬ ગામોનો જ સમાવેશ થયો છે, જયારે અમરેલી તાલુકાના ૭૨ ગામોમાંથી ૬૮ ગામોને સામેલ કરવામાં આવ્યા છે.

વધુમાં કહ્યું કે માત્ર કપાસ જ નહીં, મગફળી, સોયાબીન અને બાજરી જેવા પાક પણ પલળી ગયા હતા, તેમ છતાં તેનો સમાવેશ થયો નથી. તેમણે લોકસભામાં અમરેલીના સાંસદને પણ ખેડૂતોની પીડા રજૂ કરવા અપીલ કરી.

## *મઘા નક્ષત્ર*

વરસાદનું મઘા નક્ષત્રનું પાણી ગંગાજળ સમાન ૧૭ થી ૩૧ ઓગષ્ટ સુધી વરસાદ પડે તેનું પાણી ખાસ સંગ્રહ કરી રાખજો

આ પાણી આખુ વર્ષ ભરી રાખવામાં આવેતો પણ તે બગડતું નથી, કોઈપણ દર્દમાં આ પાણી પીવુ ઉત્તમ ગણાય છે, સૂર્યનું મઘા નક્ષત્રમાં ભ્રમણ ખુબજ મહત્વનું છે. મઘા નક્ષત્ર માટે કહેવાયું છે કે મઘા નક્ષત્રના વરસાદે થી ધરતી માતાની પાણીની તરસ બુઝી જાય છે જેનાથી પાક પણ ખુબજ સારો થાય છે. વરસાદનું મઘા નક્ષત્રનું પાણી ગંગાજળ સમાન છે, જેનો ઉપયોગ રોજીંદા જીવનમાં પીવા અને રસોઈમાં પણ ઉપયોગ થાય છે. કેહવાય છે કે મઘાના મોંઘા વરસાદ, માટે જો મઘા નક્ષત્રમાં વરસાદ પડે તો તે સોના ના તોલે ગણવામાં આવે છે. આ પાણીને વાસણમાં ભરી રાખો તોપણ એમાં પોરા (કીડા) પડતા નથી. આ મઘા નક્ષત્રનું સંગ્રહ કરેલું વરસાદનું પાણી જો બાળકોને પીવડાવવામાં આવે તો તેમના પેટમાં જો કીડા કરમીયા હોય તો તે મરી જાય છે. તેમ મઘાનું પાણી ગંગાજળના સમાન છે તેને આખું વર્ષ ભરી રાખવામાં આવે તો પણ તે એવું ને એવું જ રહે છે અને કોઈપણ રીતે તે બગડતું નથી. એક પૌરાણિક માન્યતાઓ પ્રમાણે ચાતક પક્ષી આખું વર્ષ તરસ્યું રહે છે અને મઘાના વરસાદનું જ પાણી પીવે છે, અને તેમાં ચંદ્રના નક્ષત્રને આધીન એક દિવસ ૧ એક દિવસનું મઘાનું પાણી સંગ્રહ કરવાનું જણાવવામાં આવે છે, પરંતુ હકીકતે ચંદ્ર નક્ષત્ર નહિ પણ સૂર્ય જયારે મઘા નક્ષત્રમાં ભ્રમણકરે ત્યારે જે વરસાદ વરસે તે પાણી નું મહત્વ છે. સૂર્ય એક નક્ષત્રમાં લગભગ ૧૪ દિવસ ભ્રમણ કરે છે.

આ વર્ષે મઘા નક્ષત્રમાં સૂર્યનું ભ્રમણ ૧૭/૦૮/૨૦૨૫ થી ૩૦/૦૮/ ૨૦૨૫ સુધી મઘા નક્ષત્રમાં રહેશે, તો આ ૧૪ દિવસના સમયમાં જેટલો પણ વરસાદ વરસે અને આપ જેટલું પણ વરસાદી પાણીનો સંગ્રહ કરી શકતા હોવ તેટલો કરી લેજો. આ ૧૪ દિવસ દરમિયાન અગાસીમાં કે ખુલ્લા મેદાનમાં તાંબા, પિત્તળ, કાંસા અથવા તો સ્ટીલના બેડલા – માટલા એવી રીતે મુકો કે આ મઘાનો મોઘો વરસાદ સીધો જ આપના મુકેલ જે – તે પાત્રોમાં સીધો જ ભરાઈ જાય.

*હવે આ પાણી નો ઉપયોગ શું શું કરી શકાય ????*

આખોના કોઈ પણ રોગ માં આખોમાં બે બે ટીપા નાખી શકાય. પેટના કોઈ પણ દર્દમાં આ મઘાનું પાણી પીવું ઉત્તમ છે. જો આપ કોઈ આયુર્વેદિક દવા લેતા હોવ તો તે આ મઘાના પાણી સાથે લેવાથી તેનો લાભ અતિ વધી જવા પામે છે. આ પાણી થી આપના ગૃહની રસોઈને રાંધવું પણ ઉત્તમ છે.

*આધ્યાત્મિક બાબતે મઘાના પાણીનો ઉપયોગ શું ?*

તો આ પાણી થી વર્ષ ભર સુધી ગંગા જળની માફક તેનો ઉપયોગ કરી શકાય છે. મઘાના પાણીથી મહાદેવ ઉપર અભિપેક ઉત્તમ કેહવાય છે. જે ગંગાજળ અર્પણનું ફળ આપે છે.

આવે સુક્તમની ૧૬ રૂચાદ્વારા આ પાણીનો અભિપેક શ્રીયંત્ર ઉપર કરવામાં તો ધન લક્ષ્મી આકર્ષાઈ ચીર સ્થાઈ થાય છે. આપના ગૃહમાં સ્થાપિત કોઈ પણ દેવ દેવીની પૂજા અભિષેકમાં આ પાણીનો ઉપયોગ કરી શકાય છે.

ના તા. ૧૭/૦૮/૨૦૨૫ થી ૩૧/૦૮/૨૦૨૫ સુધી મઘા નક્ષત્રના આ ૧૪ દિવસ સમયમાં જેટલો પણ વરસાદ વરસે અને આપ જેટલું પણ વરસાદી પાણીનો સંગ્રહ કરી શકતા હોવ તેટલો કરી લેજો. મઘાનો વરસાદ મોઘો છે જેને ચુકતા નહિ. *મઘા નક્ષત્ર માં વર્ષેલું જળ નિર્મળ કેમ ?*

અગસ્ત્ય મુનિનો ઉદય ઓગસ્ટમાં નિયમિત થાય છે, અગત્સ્ય માટે કહ્યું છે.

ઉદયે ચ મુનેરગસ્તયનામ્ન : કુસુમાયોગ મલપ્રદુષિતાનિ મહદયાનિ સતામિવ સ્વભાવાત્ પુનરમ્બુનિ ભવન્તિ નિર્મલાની મમ

જયારે અગત્સ્ય નામના તારાનો ઉદય થાય છે તો દૂષિત જળ પણ સ્વચ્છ થઈ જાય છે. એવો પ્રાકૃતિક નિયમ છે. જેમ સદાચારી ના મન ની કલુપતા દૂર થઈ જાય તેમ

દિપ્તિબેન પી. રાવલ
આમ્રપાલી સોસાયટી, આંબેશ્વર મંદિર પાસે, પોરબંદર રોડ
ઉપલેટા-જિ.રાજકોટ

### ''જીવનમાં ઉચ્ચ લક્ષ્ય પ્રાપ્ત કરવાની ચાવી'' વિષય આધારિત

## દામનગર ખાતે ભુતપુર્વ વિદ્યાર્થીઓ દ્વારા આયોજન શિક્ષણ સેમિનારનો લાભ લેતા વિદ્યાર્થીઓ

### નાયબ કલેકટર નિરવ બ્રહ્મ ભટ્ટની પણ પ્રેરક ઉપસ્થિતી




દામનગર, તા. ૩

દામનગર નગરપાલિકા સંચાલિત શૈક્ષણિક જગત ની શાન ગણાતી શેઠ શ્રી એમ. સી. મહેતા હાઈસ્કુલ પરિસરમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી દ્વારા નાયબ કલેક્ટર બ્રહ્મ ભટ્ટની અધ્યક્ષતામાં માર્ગદર્શન સેમિનાર 'જીવનમાં ઉચ્ચ લક્ષ પ્રાપ્ત કરવાની ચાવી' વિષયે શાળાનાજ ભૂતપૂર્વ વિદ્યાર્થી જાણીતા મોટીવેશનલ સ્પીકર પરેશભાઈ ત્રિવેદીના વ્યાસાસને ને સેસન્સમાં તા.૦૧/૦૯/૨૫ બપોરના ૧૨–૦૦ થી ૨–૦૦ અને ૨–૦૦ થી ૪–૦૦ કલાક દરમ્યાન બે સેસન્સ માં શૈક્ષણિક માર્ગદર્શન સેમિનારમાં સ્થિર પ્રજ્ઞ બની જતા વિદ્યાર્થી ઓને જકડી રાખે તેવી માર્મિક ટકોર કરતા દ્રષ્ટાંતો સાથે છાત્રોમાં ઉત્સાહ પ્રેરતા પરેશ ત્રિવેદી ની શીખ 'લક્ષ ભેદન માટ સ્થિરતા અને એકાગ્રતા આવશ્યક છે' નાયબ કલેકટર વ પ્રાંત લાઠી નીરવ બ્રહ્મ ભટ્ટનો વિદ્યાર્થીઓને સંદેશ માતા પિતા અને શિક્ષકો ઉજાસ અપાશે પણ પુસ્તકો તમને પાંખો આપશે કોમ્પેટીટીવ સ્પર્ધાત્મક સ્ટડી ઉત્તમ જીવન ની કેડી છે 'જીવન માં ઉચ્ચ લક્ષ પ્રાપ્ત કરવાની ચાવી' વિષયે યોજાયેલ સેમિનારમાં ટાંચણી પડે તો પણ અવાજ આવે તેવી નીરવ શાંતિ વચ્ચે હજારો વિદ્યાર્થીઓમાં અદમ્ય ઉત્સાહ પ્રગટાવતા વક્તા પરેશ ત્રિવેદી અને નીરવ બ્રહ્મ ભટ્ટને બે સેસન્સમાં કલાકો સુધી સ્થિત પ્રજ્ઞ બની સાંભળતા વિદ્યાર્થી ઓની સ્વયંમ શિસ્તથી વક્તાઓ દ્વારા સરાહના કરાય હતી આ સેમિનારમાં દામનગર નગર પાલિકાના પૂર્વ પ્રમુખ ધીરૂભાઈ નારોલા, શિક્ષણ સમિતિના ચેરમેન ધ્રુવ ભટ્ટ વેપારી અગ્રણી સંજયભાઈ તન્ના, મોઈજભાઈ ભારમલ સહિત અનેક સ્થાનિક અગ્રણીઓ વેપારીઓ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની વિશાળ ઉપસ્થિતિ વચ્ચે સેમિનાર સંપન્ન થયો હતો.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

## લાઠીનાં દહીંથરા ગામો ૧૭ કામો માટે રૂપિયા ૧.૩૪ કરોડ મંજુર કરવામાં આવ્યા

### પીવાનુ પાણી, શિક્ષણ, માર્ગની સુવિધા કરાશે

લાઠી, તા. ૩

લાઠી – બાબરા વિધાનસભાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા લાઠી તાલુકાના દહીંથરા ગામે ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન (ડીએમએફ)ની ગ્રાન્ટમાંથી ૧ કરોડ ૩૪ લાખના વિવિધ વિકાસ કામો મંજૂર કરાવવામાં આવ્યા છે. આ ગ્રાન્ટનો ઉદ્દેશ્ય ખાણકામ પ્રવૃત્તિઓથી પ્રભાવિત વિસ્તારોમાં વિકાસ અને સુખાકારી સુનિશ્ચિત કરવાનો છે.

આ ભંડોળનો ઉપયોગ ગામની પ્રાથમિક જરૂરિયાતોને સંતોષવા માટે કરવામાં આવશે. મંજૂર થયેલા કામોમાં ગામમાં શુદ્ધ અને પૂરતું પીવાનું પાણી મળી રહે તે માટેના પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. શાળાઓમાં સુવિધાઓ સુધારવા અને શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા માટે કામો હાથ ધરવામાં આવશે.

મહિલાઓ અને બાળકોના કલ્યાણ માટેની વિવિધ યોજનાઓ અને સુવિધાઓ ગામમાં સ્વચ્છતા જાળવવા અને આરોગ્ય સુધારવા માટે સ્વચ્છતા સંબંધિત પ્રોજેક્ટ્સ અમલમાં મૂકાશે.

રસ્તા, ગટર વ્યવસ્થા, અને અન્ય જરૂરી માળખાકીય સુવિધાઓના નિર્માણ અને સુધારણા માટે આ ગ્રાન્ટનો ઉપયોગ થશે. ધારાસભ્યએ જણાવ્યું હતું કે આ વિકાસ કામોથી દહીંથરા ગામના લોકોના જીવન ધોરણમાં સુધારો થશે અને ગામનો સર્વાંગી વિકાસ થશે. આ ભંડોળનો સદ્ઉપયોગ કરીને ગામની પ્રગતિને વેગ મળશેએવી આશા વ્યક્ત કરી હતી.

# બાબરા ભગવાધારી ગ્રુપ દ્વારા ભવ્યાતિભવ્ય ગણેશ ઉત્સવનું આયોજન






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા શહેર કડા પાસેથી વિસ્તારમાં ભગવાધારી ગ્રુપ દ્વારા ગણેશ ઉત્સવ ૨૦૨૫ નું અતિ ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં રોજબરોજ અનેકવિધ કાર્યક્રમો ભગવાધારી ગ્રુપ દ્વારા યોજવામાં આવે છે. ગણેશ ઉત્સવમાં સવાર બપોર સાંજ ત્રણ ટાઈમ આરતી અને રાત્રે રાસ ગરબા તેમજ વિવિધ ગ્રુપો દ્વારા કૃતિ રજૂ કરવામાં આવે છે. જેમાં માં ગ્રુપ અમરાપરાની બાળાઓ દ્વારા અનેક કૃતિઓ રજૂ કરવામાં આવેલ હતી. ભગવાધારી ગ્રુપના આ સુંદર અને ભવ્ય આયોજન બદલ ભગવાધારી ગ્રુપના તમામ સભ્યો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવે છે અને ભગવાધારી ગ્રુપ રામનવમી ઉત્સવ, હનુમાન જયંતી, જન્માષ્ટમી, હોળી, સહિતના અનેક ઉત્સવમાં સમગ્ર ગ્રુપ બહોળી સેવા આપે છે અને કાર્યક્રમો ઉજવે છે અને રામનવમી ઉત્સવમાં બાબરા શહેરને સુશોભન કરવામાં ભગવાધારી ગ્રુપના તમામ સભ્યો ભારે જહેમત ઉઠાવે છે તેમજ ગૌ સેવા માટે પણ આ ભગવાધારી ગ્રુપ અડધી રાતે ફોન આવે ત્યાં હાજર થઈ જાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભગવાધારી ગ્રુપ દ્વારા આયોજિત ગણેશ ઉત્સવ ૨૦૨૫ માં રોજબરોજ ભવ્ય કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

## વિઘ્નહર્તા પર્યાવરણનાં વિઘ્ન હરવાની સાથે સર્જનાત્મકતાને ખીલવવા પ્રેરણા આપે છે

# અરે વાહ : પ્રયોગશીલ શિક્ષકે કેરીની ગોટલીનાં સખત ભાગથી બનાવ્યા 'વિઘ્નહર્તા'

**મોટા માંડવડા પ્રાથમિક શાળામાં અનેરા શ્રીજીનું સ્થાપન કર્યુ**

**શાળાનાં વિદ્યાર્થીઓને કલાત્મક સર્જન માટે પ્રેરણારૂપ કામગીરી**

**ઉત્સવોમાં રચનાત્મકતા અને કલાત્મકતા ભળે ત્યારે નવી પ્રેરણા મળે છે : શિક્ષક**

**રઘુ રમકડાનાં ઉપનામે જાણીતા બનેલા રાઘવ કટકીયાએ ગણપતિજી બનાવ્યા**



અમરેલી, તા. ૩

અમરેલીના મોટા માંડવડા ગામમાં પ્રાથમિક શાળામાં ફરજરત એક પ્રયોગશીલ શિક્ષકે કેરીની ગોટલીના સખત ભાગનો ઉપયોગ કરીને અનોખા શ્રી ગણપતિજી બનાવ્યા છે, તેમણે કેરીની ગોટલીના સખત ભાગનો ઉપયોગ કરીને 'વિઘ્નહર્તા' ને કલાત્મક રીતે કંડાર્યા છે.

શિક્ષણમાં સતત અવનવા પ્રયોગો કરતા અને રઘુ રમકડાના ઉપનામે જાણીતા બનેલા રાઘવ કટકીયા આ એક આગવી વિભાવના સાથે શ્રી ગણપતિજીને બનાવ્યાં છે અને પ્રાથમિક શાળામાં સ્થાપન પણ કર્યું છે. જેથી શાળામાં અનેરૂં વાતાવરણ તો સર્જાયું છે, સાથે જ આ 'વિઘ્નહર્તા' પર્યાવરણના સંરક્ષણ સાથે સર્જનાત્મકતાને ખીલવવા માટે પ્રેરણા આપે છે.

રાઘવ કટકીયા કહે છે કે, શિક્ષક તરીકે સતત કંઈક સર્જનની ભાવના મનમાં રમ્યા કરે છે, ખાસ નવરાશના પળોમાં વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાનું પસંદ પડે છે. આ વખતે

અનુસંધાન પાના ૬ ઉપર

### ઈમ્પેક્ટ કાયદામાં વિસંગતાથી મુશ્કેલી

## અમરેલીમાં સાંકડા રસ્તા, ગલીના કારણે મંજુરી મળતી નથી : અરજીઓનો ખડકલો

**દાયકાઓ પહેલાના મકાનો નિયમિત થાય તો સરકારને કરોડોનો ફાયદો**

અમરેલી, તા. ૩

ગુજરાત રાજયમાં જૂની મિલકતોને રેગ્યુલાઈઝ કરવા માટે ૨૦૨૨ ના ઈમ્પેકટ કાયદો અમલમાં આવતા હજારો મકાનો દંડ ભરી મિલકતને રેગ્યુલાઈઝ કરાવી રહ્યા છે. ત્યારે તેનો સીધો લાભ અમરેલીવાસીઓ પણ ઉઠાવી રહ્યા છે. પરંતુ આ કાયદામાં

અનુસંધાન પાના ૬ ઉપર

## મોટી કુંકાવાવમાં રણુજા પ્લોટમાં જુગાર રમતાં ૪ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૩

અમરેલી નજીક આવેલ મોટી કુંકાવાવ ગામે આવેલ ઘનશ્યામનગરમાં રહેતા જગદીશભાઈ ચંદુભાઈ સોલંકી, આકાશભાઈ પ્રતાપભાઈ સોલંકી, કમલેશભાઈ મધુભાઈ રાઠોડ તથા ઈલીયાસભાઈ સામતભાઈ રાઠોડ નામના ચારેય ઈસમો ગત તા. ૨ ના રોજ ૧ વાગ્યે મોટી કુંકાવાવ ગામે આવેલ રણુજા પ્લોટમાં જાહેરમાં પૈસાની હાર જીતનો જુગાર રમતા હોય. આ અંગે પોલીસને બાતમી મળતાં દરોડો પાડી ચારેય ઈસમોને રોકડ રકમ રૂપિયા ૧૭,૭૦૦ તથા જુગારના મુદ્દામાલ સાહીત્ય સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### જીંદગીની સફર અતિ મુશ્કેલ બની હોય

## અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં એક મહિલા, એક પ્રૌઢ અને એક યુવકે ઝેર પી લેતા અરેરાટી

**જિલ્લામાં આત્મહત્યાની ઘટના એ ચિંતાનો વિષય**

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં ગઈકાલે એક જ દિવસમાં અલગ અલગ ત્રણ જેટલાં અપમૃત્યુના બનાવો પોલીસમાં જાહેર થતાં પોલીસે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં બાબરા તાલુકાના ખંભાળા ગામે રહેતા રાજેશભાઈ વિઠ્ઠલભાઈ સાપરા નામના ૩૩ વર્ષિય ખેડૂત યુવકે ગત તા. ૩૦/૮ના રોજ બપોરના આશરે

અનુસંધાન પાના ૬ ઉપર

### પવિત્ર દિવસે વેપારીઓએ મુર્હૂત સાચવ્યુ

## બાબરા : માર્કેટયાર્ડમાં જળ ઝીલણી એકાદશીનાં દિવસે નવા કપાસની આવક

**પ્રથમ દિવસે રૂપિયા ૨૧૧૫નાં ભાવ જાહેર**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩

બાબરામાં માર્કેટિંગયાર્ડમાં આજે જળ ઝીલણી એકાદશીના પવિત્ર દિવસ નિમિત્તે બાબરા તાલુકાના નિલવળા અને ગારીયાધાર તાલુકાના હડમતીયા અને વેળાવદર ગામના ખેડૂતો દ્વારા નવા કપાસ ઉતારી યાર્ડમાં વેચાણ માટે આવતા યાર્ડ દ્વારા ચેરમેન જીવાજીભાઈ રાઠોડ અને વાઈસ ચેરમેન બીપીનભાઈ રાદડિયા, સેક્રેટરી અજયભાઈ પંડ્યા સહિત ના કર્મચારીઓ અને વેપારીઓ દ્વારા પૂજન અર્ચન કરી ખરીદીનો પ્રારંભ કર્યો હતો.

જેમાં યાર્ડમાં નવા કપાસની આવક ૫૦ મણ થઈ હતી અને ભાવ પણ ૨૧૧૫ જેટલો રહ્યો હતો. આ સિવાય યાર્ડમાં હાલ જુના કપાસ સહિત જીરૂ, ઘઉં, મગ, અડદ, ચણા સહિતના ખેત જણસોની આવક નિયમિત જોવા મળી રહી છે.

### સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારની રજુઆત

## અમરેલીનાં જશવંતગઢ ગામે ભૂમિહીન પરિવારોને મફત પ્લોટની વ્યવસ્થા કરો

**ગામતળની જમીન ફેરબદલ કરવા માંગ**

અમરેલી, તા. ૩

અમરેલી તાલુકાના જશવંતગઢ ગામે અનુસૂચિત જાતિ તથા અન્ય નબળા વર્ગના ભૂમિહીન ખેતમજૂરી કરતા લોકોને આવાસ બનાવવા માટે મફત પ્લોટ યોજના હેઠળ પ્લોટ ન મળવાથી તેઓના ભારતીય બંધારણના આર્ટીકલ ૨૧ માં આપેલ ગૌરવ પૂર્ણ રીતે જીવન જીવવાના અધિકારનો ભંગ થઈ રહ્યો છે. છેલ્લા પંદર વર્ષોથી ગામે મફત પ્લોટની ફાળવણી કરવામાં આવેલ નથી.

ભારતીય બંધારણમાં દરેક નાગરિકને બંધારણના આર્ટિકલ ૨૧ હેઠળ ગૌરવ પૂર્ણ રીતે જીવન જીવવાનો અધિકાર આપવામાં આવેલ છે આ

અનુસંધાન પાના ૬ ઉપર

### માળિલા, સોનારીયા, પ્રતાપરા અને શંભુપરા સહિત

## અમરેલી તાલુકાનાં ૪ ગામોને કૃષિ રાહત યોજનામાં અન્યાય નહી થાય

**નાયબ દંડક વેકરીયાએ ખેડૂતોને ખાત્રી આપી**



અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં ઓકટોબર ૨૦૨૪માં થયેલા અતિવૃષ્ટિના કારણે ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું હતું. રાજય સરકારે રાહત પેકેજ જાહેર કર્યુ હોવા છતાં અમુક ગામો તેનો લાભ મેળવવામાં બાકી રહી ગયા હતા. ખાસ કરીને માળિલા, સોનારીયા, શંભુપરા અને પ્રતાપરા જેવા ગામોના ખેડૂતોમાં આ મુદ્દે ભારે અસંતોષ હતો.

આ પૃષ્ઠભૂમિમાં

અનુસંધાન પાના ૬ ઉપર




### દર્દીનારાયણની સુવિધા જાણવા માટે

## અમરેલીની સિવિલ હોસ્પિટલની નાયબ દંડક અને કલેકટરે લીધી મુલાકાત

**હોસ્પિટલની કામગીરીથી સંતોષ વ્યકત કર્યો**



અમરેલી, તા. ૩

અમરેલી શહેર સહિત અનેક ગામમાં ભાદરવા માસને લાઈવ બીમારીઓ જોવા મળી રહી છે. ત્યારે અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભા નાયબ દંડક કૌશિક વેકરીયા, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાએ આજે અમરેલી સિવિલ હોસ્પિટલની ઓચિંતી

અનુસંધાન પાના ૬ ઉપર

### એક સમયે સમગ્ર રાજયમાં ચકચારી બનેલ પ્રકરણમાં નવો વળાંક

## અમરેલીની પીડિતા પાયલ ગોટીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવીને ન્યાય આપવાની માંગ કરી

**કોંગ્રેસના નેતાં પરેશ ધાનાણીએ પણ સમર્થન કર્યુ**

અમરેલી, તા. ૩

અમરેલીના ચકચારી પીડિતા પાયલ ગોટી પ્રકરણમાં ફરી એક વખત હલચલ સર્જાઈ છે. પાયલ ગોટીએ સીધા જ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવી પોતાની પીડાઓ રજૂ કરી છે. પત્રમાં પાયલે સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે,

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)